પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૬, અંકઃ૭૧, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૬-૧૧-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 71 PRICE :-RS. 1.50 DATE : 16-11-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### દિલ્હીમાં વધતો જતો પ્રદુષણ મુદ્દે સુપ્રિમ કોર્ટ લાલઘૂમ

## વાહનો અને પાવર પ્લાન્ટ સામે કડક કાર્યવાહી કરો : સુપ્રિમ કોર્ટ

નવીદિલ્હી,

દિલ્હી સરકારે સુપ્રીમકોર્ટમાં એફિડેવિટ દાખલ કરીને કહ્યું છે કે તેઓ પ્રદૂષણને રોકવા માટે સંપૂર્ણ લોકડાઉન જેવાં પગલાં લેવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. આ સાથે સરકારે એમ પણ કહ્યું છે કે આવાં પગલાં થોડા સમય માટે જ અસર કરશે. કેજરીવાલ સરકારે કહ્યું હતું કે દિલ્હીની સાથે સાથે NCR ક્ષેત્રમાં પણ લોકડાઉન લાગુ કરવાની જરૂર છે, તો જ આવાં પગલાંની અસર થશે. દિલ્હી સરકારે કેન્દ્ર સરકારને કહ્યું હતું કે તેઓ દિલ્હીને NCRનો જ ભાગ માની લે અને આખા NCRમાં લોકડાઉન લગાવી દે. રવિવારે દિલ્હીની હવાની



ગુણવત્તામાં થોડો સુધારો જોવા મળ્યો હતો. શનિવારનો AQI ૪૩૭ હતો, જ્યારે રવિવારનો ૨૪-કલાકનો સરેરાશ AQI ૩૩૦ હતો. હવાની ગુણવત્તા ટ્રેકિંગ વેબસાઈટ સફરનો દાવો છે કે હવાની ગુણવત્તામાં આ સુધારો હરિયાણા અને પંજાબમાં પરાલી સળગાવવાની પ્રવૃતિઓમાં ઘટાડો થયા બાદ આવ્યો છે. શુક્રવારે AQI ૪૭૧ હતો, જે આ સીઝનમાં અત્યારસુધીનો સૌથી ખરાબ હતો. SAFAR એ પણ માહિતી આપી હતી કે ૧૬ નવેમ્બરની રાતથી પ્રદૂષણ વધવાની સંભાવના છે. દિલ્હી સરકારના મંત્રી ગોપાલ રાયે કહ્યું હતું કે તેઓ આજે સુપ્રીમકોર્ટમાં પ્રદૂષણને વધુ ઘટાડવા માટે લોકડાઉનનો પ્રસ્તાવ રજૂ કરવા જઈ રહ્યા છે. નવી દિલ્હી નજીકનાં શહેરો ગાઝિયાબાદમાં એર ક્વૉલિટી ઈન્ડેક્સ ૩૩૧, ગુરુગ્રામમાં ૨૮૭, નોઈડામાં ૩૨૧, ફરીદાબાદમાં ૨૯૮ અને ગ્રેટર નોઈડામાં ૩૧૦ છે. જો આગામી બે દિવસમાં પરાલી સળગાવવાની પ્રવૃત્તિઓ નહીં વધે તો દિલ્હીની હવાની ગુણવત્તા સારી થઈ જશે. ૧૬ નવેમ્બરની રાતથી હવાની ગુણવત્તા બગડવાની શક્યતા છે. આ એટલા માટે છે, કારણ કે હવાનો પ્રવાહ બંધ થઈ શકે છે. ૧૭ નવેમ્બરે હવાની ગુણવત્તા અત્યંત નબળી શ્રેણીમાં રહેવાની ધારણા છે. દિલ્હી-એનસીઆરમાં બગડતી પ્રદૂષણની સ્થિતિને કારણે હરિયાણા સરકારે રાજ્યના ચાર જિલ્લા- ગુરુગ્રામ, સોનીપત, ફરીદાબાદ અને ઝજ્જરમાં શાળાઓને બંધ કરી દીધી છે. આ ચાર જિલ્લા NCR હેઠળ આવે છે. આ સાથે તમામ સરકારી અને ખાનગી ઓફિસોને પણ કર્મચારીઓને ઘરેથી કામ કરવા માટે કહેવામાં આવ્યું છે. હરિયાણા સરકારે વધતા પ્રદૂષણને કારણે આ નિર્ણય લીધો છે. દિલ્હી સરકાર પહેલેથી જ આ નિર્ણય લઈ ચૂકી છે. હરિયાણા સરકારે તાત્કાલિક અસરથી નવા નિર્દેશો લાગુ કર્યા છે. આ સૂચનાઓ ૧૭ નવેમ્બર સુધી અમલમાં રહેશે. દેશના ઘણા ભાગોમાં ખરાબ હવાને કારણે મોટી સંખ્યામાં લોકો પર્વતીય પ્રદેશોમાં ફરવા જઈ રહ્યા છે. શિમલાના હોટલ-ડ્રાઈવરે કહ્યું હતું કે હાલમાં હોટલો દરરોજ ૭૦-૮૦% સુધી ફુલ છે. દિવાળી પછી હોટલોનું બુકિંગ વધ્યું છે. હિમાચલનો AQI પડોશી રાજ્યો કરતાં ઘણો સારો છે. આવી સ્થિતિમાં પ્રદૂષણથી છુટકારો મેળવવા માટે પ્રવાસીઓ અહીં સારી હવા લેવા માટે આવી રહ્યા છે. પ્રદૂષણની સમસ્યા પર સુપ્રીમકોર્ટે કેન્દ્ર અને દિલ્હી સરકારની ઝાટકણી કાઢી છે. પ્રદૂષણ મુદ્દે સુનાવણી દરમિયાન કોર્ટે બંને સરકારોને કહ્યું હતું કે તેઓ વહેલી તકે પ્રદૂષણ રોકવા માટે કડક પગલાં ઉઠાવે. કોર્ટે દિલ્હી સરકાર પાસેથી આવતીકાલ સુધીમાં જવાબ માગ્યો છે, જ્યારે કેન્દ્ર સરકારને ઈમર્જન્સી બેઠક બોલાવીને દિલ્હી, પંજાબ અને હરિયાણાની સરકારે એકસાથે બેસીને પ્રદૂષણની સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે. સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે સુપ્રીમકોર્ટને જણાવ્યું હતું કે દિલ્હી અને ઉત્તરીય રાજ્યોમાં હાલમાં પરાલી સળગાવવામાં આવે છે એ પ્રદૂષણનું મુખ્ય કારણ નથી, કારણ કે એ પ્રદૂષણમાં માત્ર ૧૦%નો જ ભાગ છે. સુપ્રીમકોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારો પાસેથી આવતીકાલ સાંજ સુધીમાં જવાબ માગ્યો છે કે કયા ઉદ્યોગોને રોકી શકાય છે, કયાં વાહનોને ચાલતાં અટકાવી શકાય છે અને કયા પાવર પ્લાન્ટને રોકી શકાય છે અને ત્યાં સુધી તમે વૈકલ્પિક વીજળી કેવી રીતે ઉપલબ્ધ કરાવી શકો છો, સાથે જ વર્ક ફ્રોમ હોમનો અમલ કરવાનું પણ ધ્યાનમાં લો. સુપ્રીમકોર્ટે કહ્યું હતું કે વાયુ પ્રદૂષણ માટે સૌથી વધુ જવાબદાર ટ્રાન્સપોર્ટ ઉદ્યોગો અને પરિવહનનાં સાધનો છે. કેટલાક વિસ્તારોમાં વાયુ પ્રદૂષણમાં પરાલી સળગાવવાનો પણ ફાળો છે.

## ATSની ટીમ દ્વારા મોરબીમાં દરોડા પાડતા ૬૦૦ કરોડનું ડ્રગ્સ પકડાયું

અમદાવાદ,

પાકિસ્તાન સ્મગલરો ડ્રગ્સ લઈને આંતરરાષ્ટ્રીય સરહદ સુધી આવે છે. ત્યારબાદ આરોપીઓ પોતાની બોટ લઈ સરહદ સુધી જાય છે અને માલની ડિલિવરી લઈ લે છે. તેમણે કહ્યું હતું કે, ત્રણ આરોપીઓમાંથી ગુલાબ ભાગડ અને જબ્બાર બંને ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. દરિયાઈ માર્ગે આવેલું તમામ ડ્રગ્સ જપ્ત કરાયું છે. આ ડ્રગ્સ પહેલાં આફ્રિકા મોકલવાનું હતું બાદમાં ગુજરાતમાં મોકલવામાં આવ્યું છે. આ ડ્રગ્સ સલાયા લવાયા બાદ મોરબી લાવવામાં આવ્યું હતું.મોટાભાગનું ડ્રગ્સ ભારતમાં લાવીને વિદેશ મોકલવામાં આવે છે. ડ્રગ્સ ગુજરાતમાં પહોંચાડવા માટેનું કાવતરૂં છઈમાં ઘડવામાં આવ્યું હતું.રાજયની તમામ એજન્સીઓ સક્રિય છે અને તમામ જથ્થો ઝડપાઈ ચુક્યો છે અને બહાર કોઈ જથ્થો ગયો નથી. પાકિસ્તાનના ડ્રગ્સ સપ્લાયર ઝાહિદ બશિર બ્લોચ પાસે પાકિસ્તાન દરિયાઈ માર્ગે માલ મંગાવ્યો હતો. ઓક્ટોબરના છેલ્લા અઠવાડિયામાં જથ્થાની ડિલિવરી મધદરિયેથી લીધી હતી. દ્વારકાના સલાયામાં આ જથ્થાને સંતાડી દેવાયો હતો. બાદમાં મોરબીના ઝીંઝુડા ગામમાં આરોપી સમસુદીન સૈયદના નવા બની રહેલા ઘરમાં જથ્થો સંતાડયો હતો. આરોપી ગુલામ હુસૈન અને જબ્બાર અવાર નવાર દુબઈ જતા હતા. જેથી પાકિસ્તાની ડ્રગ માફિયા ગેંગ સાથે સંપર્કમાં આવ્યો હોવાની આશંકા છે. પાકિસ્તાની ડ્રગ માફિયા ઝાહિદ બલોચ ડિપાર્ટમેન્ટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ ના ૨૦૧૯ ના ૨૨૭ કિલો હેરોઈન ગુનામાં વોન્ટેડ છે.ફરાર આરોપી ઈસા રાવ અને મુખ્તાર હુસેન કાકા ભત્રીજા આરોપી મુખ્યત્યાર પાકિસ્તાન મરીન સિક્યુરિટીના હાથે અગાઉ ઝડપાઈ ચુક્યો હતો પરંતુ બોટ ખરાબ થવાનું બહાનું કરી અને છૂટી ગયો હતો. આ ડ્રગ્સનો જથ્થો આફ્રિકામાં મોકલવાનો હતો. પરંતુ કોઈ કારણોસર ડિલિવરી ગુજરાતમાં કરી હતીરાજયમાં ડ્રગ્સની હેરાફેરી મામલે ગુજરાત પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. સૌરાષ્ટ્રના મોરબી જિલ્લાના ઝીંઝુડા ગામેથી ગુજરાત એટીએસની ટીમ દ્વારા દરોડા પાડી મકાનમાંથી ૧૨૦ કિલો રૂ. ૬૦૦ કરોડ રૂપિયાનું હેરોઈન ડ્રગ્સ ઝડપી પાડવામાં આવ્યું છે. પાકિસ્તાનથી દરિયાઈ માર્ગે આ હેરોઈન ડ્રગ્સ ઓકટોબર મહિનાના છેલ્લા અઠવાડીયામાં પાકિસ્તાન મધદરિયેથી ડિલિવરી લઈ દ્વારકામાં છુપાવ્યું હતું. જે બાદમાં મોરબી ઝીંઝુડા ગામે મકાનમાં છુપાવ્યું હતું. આ મામલે રાજયના પોલીસવડા આશિષ ભાટિયાએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે ગુજરાત પોલીસનું મોટું ઓપરેશન છે. ૧૨૦ કિલો હેરોઈન પકડાયું છે. જેની આંતરરાષ્ટ્રીય કિંમત રૂ. ૬૦૦ કરોડની કિંમત થાય છે. ભારતીય દરિયાઈ આંતરરાષ્ટ્રીય સીમામાંથી લાવ્યા હતા.મોરબીના કેસમાં સમસુદિન સૈયદ, જબ્બાર મુખ્તાર હુસૈન અને ગુલામ હુસૈનની અટકાયત કરવામાં આવી છે. આ અંગે કેન્દ્રીય એજન્સીઓને પણ જાણ કરવામાં આવી છે.

## વડાપ્રધાન ભોપાલમાં આદિવાસી ભાષામાં સંબોધન કરી લોકોને મંત્રમુગ્ધ કર્યા

ભોપાલ,

વડાપ્રધાને સંબોધન કરતાં કહ્યું હતું કે આજનો દિવસ સમગ્ર દેશ માટે મોટો દિવસ છે. આજે ભારત એનો પ્રથમ આદિવાસી ગૌરવ દિવસ ઊજવી રહ્યો છે. આઝાદી પછી દેશમાં પ્રથમ વખત આટલા મોટા પાયા પર સમગ્ર દેશમાં આદિવાસી સમાજની કલા, સંસ્કૃતિ, સ્વતંત્રતા ચળવળ અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાનને ગર્વ સાથે યાદ કરવામાં આવી રહ્યું છે.ભોપાલના જંબુરી મેદાનમાં દરેજ જગ્યા પર આદિવાસી સંસ્કૃતિની ઝાંખી જોવા મળી રહી છે. મેદાનમાં ચારેય તરફ આદિવાસી યોદ્ધાઓનાં કટઆઉટ્સ લગાવવામાં આવ્યાં છે, સાથે જ દરેજ જગ્યાએ એલઈડી ટીવી પણ લગાવવામાં આવ્યાં છે, જ્યાંથી બેસીને દર્શકોએ સીધું જ વડાપ્રધાનનું ભાષણ સાંભળ્યું હતું.આ તરફ જંબુરી મેદાન ખાતે મોટી સંખ્યામાં આદિવાસી લોકો પહોંચ્યા છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ કાર્યક્રમમાં રાજ્યના લગભગ



૨ લાખ આદિવાસી લોકો સામેલ થયા છે. આદિવાસીઓમાં પણ આ કાર્યક્રમ બાબતે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આદિવાસી લોકો જંબુરી મેદાનમાં પારંપરિક નૃત્ય કરી રહ્યા હતા. અહીં આદિવાસી કલાકારોએ પારંપરિક નૃત્ય સાથે મોદીનું સ્વાગત કર્યું હતું. ઝાબુઆથી આવેલા આદિવાસીઓએ ભગોરિયા નૃત્ય રજૂ કર્યું હતું.અમર શહીદ બિરસા મુંડાની જયંતિ પર વડાપ્રધાન મોદીએ ભોપાલના જંબૂરી મેદાન ખાતે આદિવાસી ગૌરવ દિવસ સમ્મેલનમાં સંબોધન કર્યું હતું. મોદીએ સંબોધન કરતાં વિપક્ષ પર નિશાન સાધતાં કહ્યું હતું કે આઝાદી બાદની સરકારોએ આદિવાસીઓ બાબતે દેશને અંધારામાં રાખ્યો. આદિવાસીઓના સમૃદ્ધ વારસા બાબતે અગાઉની સરકારોએ દેશને કશું જ જણાવ્યુ ન હતું. વડાપ્રધાન મોદીએ સમ્મેલનમાં આવેલા લાખો આદિવાસી લોકોનું તેમની જ ભાષામાં સ્વાગત કરતાં કહ્યું હતું કે હું તમારું સ્વાગત કરું છું. મોદીએ એક મિનીટ સુધી આદિવાસી ભાષામાં જ સંબોધન કર્યું હતું.આ પહેલાં મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને રાજ્યપાલ મંગુભાઈ પટેલ સહિત બીજેપીના અનેક નેતાઓએ તેમનું સ્વાગત કર્યું હતું. તેમણે ભાજપના નેતા લક્ષ્મીનારાયણ ગુપ્તાનું સન્માન કર્યું હતું. ગુપ્તા હિંદુ મહાસભા તરફથી મધ્યપ્રદેશની પ્રથમ વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. મંચ પર વડાપ્રધાન પરંપરાગત આદિવાસી જેકેટ અને ઝાબુઆથી લાવવામાં આવેલી આદિવાસી પાઘડીમાં સજ્જ હતા. જ્યારે ભાજપના રાષ્ટ્રીય મંત્રી અને આદિવાસી નેતા ઓમપ્રકાશ ધુર્વે સ્વાગત દરમિયાન તેમના પગ સ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે વડાપ્રધાને તેમને રોક્યા હતા.

## દેશના ૭ રાજ્યોમાં ૧૮ નવેમ્બર સુધી ભારે વરસાદની આગાહી

નવી દિલ્હી,

હવામાન વિભાગે ૧૮મી નવેમ્બર સુધી માટે કેરળ, કર્ણાટક, આંદામાન નિકોબાર, તટીય આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, ગોવા, ઓડિશા માટે વરસાદની ચેતવણી આપી છે અને માછીમારોને દરિયો ન ખેડવા માટે જણાવ્યું છે.ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગ (આઈએમડી)એ આગામી ૪ દિવસો માટે ૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે ભારે વરસાદને લઈ એલર્ટ જાહેર કર્યું છે. હાલ કેરળ ભારે વરસાદ અને તેના સાથે સંબંધીત મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. હવામાન વિભાગે શનિવારથી દક્ષિણી રાજ્ય કેરળમાં વરસી રહેલો ભારે વરસાદ મંગળવાર સુધી ચાલુ જ રહેશે તેવી આગાહી કરી છે. તેના પહેલા દિવસે ૩ જિલ્લાઓ- ઈડુક્કી, ત્રિશૂર અને એર્નાકુલમમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. જળાશયના દબાણને ઘટાડવા માટે ઈડુક્કી બાંધનું એક શટર ૪૦ સેમી પહોળું કરીને ખોલવામાં આવ્યું હતું. આ બધા વચ્ચે મુલ્લાપેરિયાર બાંધને પણ ખોલવામાં આવે તેવી શક્યતા છે કારણ કે, કેરળમાં ભારે વરસાદ વચ્ચે તેનું જળસ્તર સતત વધી રહ્યું છે. હવામાન વિભાગે જણાવ્યું કે, પશ્ચિમી હવાઓના કારણે કેરળમાં ભારે વરસાદને ધ્યાનમાં રાખી અધિકારીઓ અને લોકોએ ખૂબ જ સતર્કતા રાખવાની જરૂર છે. આઈએમડી બુલેટિન પ્રમાણે એક ઓછા દબાણનું ક્ષેત્ર અરબ સાગરના મધ્ય ક્ષેત્ર પર સ્થિત છે જેની પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ તરફ વધવાની અને ૧૫મી નવેમ્બર સુધી ઉત્તરી આંદામાન સાગર અને તેને અડીને આવેલી દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી ઉપર સારી રીતે ચિન્હિત થવાની આશા છે. તે દિશામાં જ ઓછું દબાણ આગળ વધતું રહેશે અને ૧૭મી નવેમ્બર સુધીમાં પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી ઉપર એક તોફાનમાં ફેરવાઈ જશે તથા ૧૮મી નવેમ્બર સુધીમાં દક્ષિણ આંધ્ર પ્રદેશ કિનારે પહોંચશે. એક વાવાઝોડું દક્ષિણી કર્ણાટક અને પાડોશી ઉત્તર તમિલનાડુની આસપાસ સ્થિત છે અને બીજું દક્ષિણ-પૂર્વ અરબ સાગર પર સ્થિત છે.

## પોરબંદરની સ્ટેટ લાયબ્રેરી ખાતે નવા પુસ્તકોની ખરીદી કરાઈ : વાંચક વર્ગને લાભ લેવા અપીલ

પોરબંદર,

ગ્રંથાલય નિયામક ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા પોરબંદરની સ્ટેટ લાઈબ્રેરીને વિશીષ્ટ ગ્રંથાલય તરીકે જાહેર કરી ખાસ અનુદાનની રકમ ફાળવવામાં આવેલ છે. આ અનુદાનથી સ્ટેટ લાઈબ્રેરીમાં પુરૂષો તથા મહીલાઓ માટે યુરીનલ બ્લોક સહિત બાંધકામ પણ શરૂ કરવામાં આવેલ છેરાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અનુલક્ષીને પોરબંદરની સ્ટેટ લાઈબ્રેરી ખાતે રવિવારે પુસ્તક પ્રદર્શનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. છેલ્લા ૨ વર્ષોમાં નવા ખરીદવામાં આવેલા પુસ્તકો પણ પ્રદર્શનમાં રાખેલ છે. આવનારા સમયમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ આવી રહી છે ત્યારે પોરબંદરની સ્ટેટ લાયબ્રેરી ખાતે જીપીએસસી, વર્ગ ૧,૨,૩ માટે તેમજ IAS અને યુપીએસસી, પીએસઆઈ, કોન્સ્ટેબલ, રેલવે, બેકિંગ માટેની પરીક્ષા લક્ષી નવા પુસ્તકોની ખરીદી કરવામાં આવી છે. પુસ્તક પ્રદર્શનમાં વિવિધ નવલકથા, બ્રિટન કાલીન, ઐતિહાસિક પુસ્તકો મુકવામાં આવ્યા છે ત્યારે લોકો આવા પુસ્તકો વાંચવા માટે આવે તેવી અપીલ પણ કરવામાં આવી છે. વાંચકો માટે સુવિધાઓમાં વધારો કરી શકાય તેમજ રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ દરમ્યાન સભ્ય નોંધણી કરવામાં આવશે તેવું જણાવ્યું હતું. હાલ આ લાયબ્રેરી ખાતે ૫૧ હજાર પુસ્તકો છે.

## અમે કોઈપણ દેશ સાથે સંઘર્ષ કરવા માંગતા નથી : તાલિબાન

ઈસ્લામાબાદ,

અફઘાનિસ્તાનના કાર્યકારી વિદેશ પ્રધાન આમીર ખાન મુત્તકી પાકિસ્તાનના પ્રવાસે છે. આ ઈન્ટરવ્યુ નવી દિલ્હીમાં અફઘાનિસ્તાન મુદ્દે મળેલ આઠ દેશોની મંત્રણા પછી આપવામાં આવ્યો છે. ભારતમાં અફઘાનિસ્તાન મુદ્દે મળેલ મંત્રણામાં ભારત ઉપરાંત ઈરાન, કઝાકિસ્તાન, કિર્ગીઝ રિપબ્લિક, રશિયા, તજિકસ્તાન, તુર્કીમિનીસ્તાન અને ઉઝબેકિસ્તાને ભાગ લીધ હતો.અફઘાનિસ્તાન ભારત સહિતના કોઈ પણ દેશ સાથે સંઘર્ષમાં ઉતરવા માગતું નથી તેમ યુદ્ધગ્રસ્ત દેશના તાલિબાનના નેતૃત્ત્વવાળી વચગાળાની સરકારના કાર્યકારી વિદેશ પ્રધાન આમીર ખાન મુત્તાકીએ એક નિવેદનમાં જણાવ્યું છે. એક ઈન્ટરવ્યુ



દરમિયાન વિદેશ પ્રધાનને પૂછવામાં આવ્યું હતું કે તાલિબાનની સરાકરમાં તેના ભારત સાથેના સંબધો કેવા રહેશે. કોઈ મહિલા પત્રકાર સાથેનો તેમનો આ પ્રથમ ઈન્ટરવ્યુ હતો. તેમણે જણાવ્યું હતું કે અમે કોઈ પણ દેશ સાથે સંઘર્ષમાં ઉતરવા માગતા નથી. જ્યારે અમે મોસ્કો કોન્ફરન્સમાં ભાગ લીધો ત્યારે તેમાં ભારત, પાકિસ્તાન અને અન્ય દેશોના પ્રતિનિધિઓ પણ હાજર હતાં. આ કોન્ફરન્સમાં અમે તમામ દેશોના પ્રતિનિધિઓ સાથે સાનુકુળ મંત્રણા કરી હતી.

## દિલ્હી બાદ અંકલેશ્વરમાં પણ હવા વધુ જોખમી બની : એક્યુઆઈ ૩૧૮ પર

અંકલેશ્વર,

અંકલેશ્વરમાં પુનઃ એક્યૂઆઈ ઓરેંજ ઝોન માં આવતા એક યુ આઈ ૨૮૫ પર આવતા થોડી રાહ જોવા મળી હતી સતત ચાર દિવસ રેડ ઝોન આવ્યા બાદ અંતે ઓરેન્જ ઝોનમાં એક યૂઆઈ આવ્યો છે. જેમાં હજુ પણ સૌથી મોટી સમસ્યા હવા માં રહેલ પાર્ટિકલ એવા પી.એમ ૨.૫ જોયા મળી છે જેમાં ૩૦૩ એવરેજ સાથે વધુ માં વધુ ૩૯૨ પર પહોંચી ગયો છે. તો પી.એમ ૧૦ પણ વધુ માં વધુ ૨૦૭ અને એવરેજ ૧૫૭ નોંધાઈ રહ્યો છે. આ વચ્ચે કાર્બન ડાયોક્સાઈડ નું પ્રમાણ પણ વધુ માં વધુ ૧૨૯ ને એવરેજ ૧૦૫ આવતા તંત્ર માટે વધુ ચિંતા વધારી છે. જેમાં માટે જીપીસીબી દ્વારા સ્થિતિ પર નજર રાખતા કાર્બન ડાયોક્સાઈડ નું સર્જન કરતા ઉદ્યોગો કડક તાકીદ કરી છે.અંકલેશ્વર સતત પાંચમાં દિવસે એક યુ આઈ ૩૧૮ પર પહોંચ્યો હતો. સાંજ પડતાં રેડ ઝોનમાંથી ઓરેન્જ ઝોન માં આવ્યો હતો. જોકે રેડ ઝોન નજીક સાંજે પણ એક.યુ.આઈ જોવા મળ્યો હતો.



શિયાળાની શરૂઆત થતાં હવામાં બેફામ પ્રદૂષણ ઓકતા ઉદ્યોગો સામે કાર્યવાહી કરવામાં જીપીસીબીનો પન્નો ટૂંકો પડી રહ્યો હોય તેવું જણાઈ રહ્યું છે. શિયાળાને લઈ ઈન્વર્ઝન ને લઈ હવાની ગુણવત્તા બગડી છે. ખાસ કરીને છેલ્લા ૪ દિવસથી આરોગ્ય માટે હાનિકારક હવા જોવા મળી રહી છે. સતત્ત ચોથા દિવસે એ.ક્યુ.આઈ ૩૦૦ ને પાર પહોંચી ૩૦૩ પર સવારે આવી લગાતાર ચોથા દિવસે રેડ ઝોન માં આવ્યો હતો.

## CNGના ભાવ વધારા સામે રિક્ષાચાલકોની હડતાળ

અમદાવાદ,

સીએનજીના ભાવ ઘટાડવા આવે. બીજાં રાજ્યોની જેમ કોરોના બાદ આર્થિક સહાય આપવામાં આવે. સમિતિનું કહેવું છે કે પેટ્રોલ-ડીઝલમા વેટ ઘટાડીને ભાવ ઘટે તો સીએનજીના ભાવમા કેમ નહીં. રિક્ષાચાલકો અને ટેક્સીચાલક પ્રતિનિધિઓનું કહેવું છે કે સીએનજીમાં પ્રતિ કિલો રાજ્ય સરકાર ૧૫ ટકા વેટ વસૂલે છે, જ્યારે કેન્દ્ર ૧૪ ટકા એક્સાઈઝ ડ્યૂટી વસૂલે છે, જેથી સીએનજીના ભાવમાં રૂપિયા ૨૦થી ૨૫ રૂપિયા ટેક્સ વસૂલાય છે. જેથી પ્રતિ કિલો ૯ રૂપિયાનો ઘટાડો સીએનજીના ભાવમાં કરવામાં આવે એવી માગ કરવામાં આવી છે. અમદાવાદ રિક્ષાચાલક એકતા યુનિયનના પ્રમુખ વિજય મકવાણાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ભાડા ઉપરાંત અન્ય પ્રશ્નો બાબતે માત્ર તેમના માનીતા એટલે કે ભાજપના હોદ્દેદાર હોય અને રિક્ષાચાલક પ્રતિનિધિ હોય તેમને બોલાવીને ભાડાવધારા મામલે નિર્ણય લીધો છે, જે માન્ય નથી. જેથી આગામી ૧૫-૧૬ ઓક્ટોબરની હડતાળ યથાવત્ રહેશે. રિક્ષાચાલકોના પ્રશ્નો બાબતે વિશ્વાસમાં લેવામાં નથી આવ્યા, માત્ર બે-ત્રણ લોકોને બોલાવીને ભાડાવધારા અંગે જાહેરાત કરી દેવામાં આવી છે. અલગ-અલગ રિક્ષાચાલક સંગઠનોએ પોતાની માગ અને પ્રશ્નોને લઈને સીએનજી ભાવ વધારા વિરોધ સમિતિ બનાવી હતી. જેથી જે પ્રતિનિધિઓ રાજ્ય સરકારને મળવા ગયા હતા, જેમાં ખોખરા વિસ્તારના રિક્ષાચાલકોનો સમાવેશ થાય છે, જેઓ આ લડત માટે બનાવેલી સમિતિનો ભાગ ન હતા, તેઓ પણ દાવો અન્ય રિક્ષાચાલકો તરફથી કરવામાં આવી રહ્યો છે, જેને લઈ હવે રિક્ષાચાલકોના આંદોલનમાં બે ફાંટા પડતા દેખાઈ રહ્યા છે. બીજી તરફ, અમદાવાદ રેલવે સ્ટેશન ઓટો રિક્ષાડ્રાઈવર યુનિયન દ્વારા હડતાળમાં નહીં જોડાવાની જાહેરાત પણ કરવામાં આવી છે. આ યુનિયનોએ હડતાળને વખોડી કાઢી છે.અમદાવાદ સહિત રાજયના રિક્ષાચાલકોનાં વિવિધ એસોસિયેશનો-સંગઠનો દ્વારા રચવામાં આવેલી સી.એન.જી. ભાવવધારા વિરોધી સમિતિ દ્વારા ઝદ્રયનો ભાવવધારો પાછો ખેંચવા રિક્ષાચાલકોને અન્ય રાજ્યોની જેમ રૂપિયા પંદર હજારની સહાય, ચાલકો પર થતા પોલીસ અત્યાચાર બંધ કરવા વગેરે મુદ્દાઓ બાબતે ૧૫ નવેમ્બર આખો દિવસ, ૧૬ નવેમ્બર બપોર બાર વાગ્યા સુધી હડતાળ પાળશે. આ હડતાળમાં જોડાવા અંગે રિક્ષાચાલક યુનિયનમાં મતમતાંતર હોવાનું જાણવા મળ્યું છે. અમદાવાદ રેલવે સ્ટેશન ઓટો રિક્ષાડ્રાઈવર યુનિયન દ્વારા હડતાળમાં નહીં જોડાવાની જાહેરાત પણ કરવામાં આવી છે. આ મામલે અમદાવાદના જૂના સર્કિટ હાઉસ ખાતે રિક્ષાચાલકના પ્રતિનિધિઓ અને ટેક્સીચાલકના પ્રતિનિધિઓની બેઠક પણ યોજાઈ હતી. ૧૨ નવેમ્બરે રાજ્યપાલને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત કાળીપટ્ટી ધારણ કરી વિરોધ પણ નોંધાવ્યો હતો. રિક્ષાચાલક સમિતિએ દાવો કર્યો છે કે આંદોલનમાં ૧૫ લાખ કરતાં વધારે રિક્ષાચાલકો અને ૫૦ હજાર જેટલા ટેક્સીચાલકો જોડાશે.

## પાકિસ્તાનનું કાશ્મીરી યુવા પેઢીને ડ્રગ્સમાં બરબાદ કરવાનું કાવતરૂં : DGP

શ્રીનગર,

પાકિસ્તાનની ડ્રગ્સ તસ્કરીનો ભોગ અને કાશ્મીરી યુવાઓ બની શકે છે. નિષ્ણાતોનો દાવો છે કે જો આમ જ ચાલ્યું તો કાશ્મીરની યુવા પેઢી ડ્રગ્સમાં જ ખતમ થઈ જશે. જમ્મુ કાશ્મીરના પોલીસ વડા દીલબાગસિંહે પણ આ મુદ્દે પાકિસ્તાનને આડેહાથ લીધુ હતું. તેમણે કહ્યું હતું કે પંજાબમાં પાકિસ્તાન જે ગંદી રમત રમી રહ્યું છે તેનો જ ઉપયોગ હવે તે કાશ્મીરમાં કરી રહ્યું છે. દિલબાગસિંહે કહ્યું હતું કે કાશ્મીરની એક પેઢી ઘર્ષણમાં ખપી ગઈ છે જ્યારે બીજી પેઢી ડ્રગ્સમાં




ખપી જાય તેવી શક્યતાઓ છે.જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા એજન્સીઓએ પાકિસ્તાનના આતંકીઓની લિસ્ટ તૈયાર કરી છે. કાશ્મીર ઘાટીમાં હાજર ૩૮ પાકિસ્તાની આતંકીઓ સુરક્ષા એજન્સીઓના નિશાના પર છે. સુત્રોના જણાવ્યા અનુસાર જમ્મૂ કાશ્મીરમાં છુપાયેલા પાકિસ્તાની આતંકીઓની આ યાદી તૈયાર કરી લેવાઈ છે. અને હવે તેમને શોધી કાઢવા કે ખાતમા માટે ઓપરેશન શરૂ કરાશે. દરમિયાન શ્રીનગરમાં આતંકીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો જેમાં એક પોલીસ જવાન ઘાયલ થયો હતો. સુરક્ષા એજન્સીઓના જણાવ્યા અનુસાર આ આતંકીઓમાંથી ચાર શ્રીનગરમાં, ત્રણ કુલગામમાં, ૧૦ પુલવામામાં, ૧૦ બારામુલ્લામાં, અને ૧૧ આતંકીઓ કાશ્મીરના અલગ અલગ વિસ્તારોમાં છુપાયા છે. આતંકીઓ કાશ્મીરમાં માહોલ ખરાબ કરવાના પ્રયાસો કરી રહ્યા છે. આતંકીઓ સુરક્ષા એજન્સીઓના લોકોની સાથે આમ નાગરિકોને પણ નિશાન બનાવી રહ્યા છે. ખાસ કરીને હિન્દુ અને શીખોને નિશાન બનાવીને એક પ્રકારના ડરનો માહોલ પેદા કરી રહ્યા છે. પાકિસ્તાન હાલ માત્ર આતંકીઓ જ નહીં ડ્રગ્સ પણ કાશ્મીરમાં ઘુસાડી રહ્યું છે. ખાસ કરીને હેરોઈન ઘુસાડવાનું પ્રમાણ વધી રહ્યું છે. પાકિસ્તાન મુળ કાશ્મીરી યુવાઓને ડ્રગ્સના રવાડે ચડાવવા માગે છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહિસાગર જિલ્લામાં ૨૫૬ ગ્રામ પંચાયતોની ચુંટણી ડિસેમ્બરમાં યોજાશે

લુણાવાડા,
મહિસાગર જિલ્લાની ૨૫૬ ગ્રામ પંચાયતોની ચુંટણી આગામી ડિસેમ્બર માસમાં યોજાનારી છે. જેમાં ચુંટણીનો થનગનાટ અને ધમધમાટ અત્યારથી જ જોવા મળી રહ્યો છે. મહિસાગર જિલલાની મોટાભાગની ગ્રામ પંચાયતોમાં સરપંચની એક બેઠક માટે ચારથી વધુ ઉમેદવારો ઉભા થયા હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે જેના કારણે ગામડાઓમાં અત્યારથી જ ચુંટણી જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

ગુજરાત રાજયમાં ગ્રામ પંચાયતોની ચુંટણી આગામી ડિસેમ્બર માસમાં યોજાનારી છે. રાજય સરકાર દ્વારા સરપંચ પદની તેમજ વોર્ડની બેઠકોના પ્રકાર પણ જાહેર કરવામાં આવ્યા હતા. જેને લઈને સરપંચ બનવા માંગતા ઈચ્છુક ઉમેદવારોએ દિવાળીના તહેવાર પુર્ણ થતાની સાથે પ્રચારના શ્રીગણેશ કરી દીધા છે. અને પોતાના અંગત અને ગામના મોભી વડીલો સાથે ઉઠક બેઠક પણ શરૂ કરી દીધી છે. આ ઉપરાંત વોર્ડની બેઠકોમાં પણ સભ્ય બનવા માટે ઘણા લોકોએ ઉમેદવારી નોંધાવી છે. તેમજ મહિસાગર જિલ્લાની મોટી મોટી ગ્રામ પંચાયતોમાં ઉભા થઈ રહેલા હરીફ ઉમેદવારોને બહેલાવી ફોસલાવી તેમજ મનાવીને બેસાડી દેવા માટેના રાજકિય દાવપેચ ગોઠવાઈ રહ્યા છે. જયારે લુણાવાડા તાલુકાની ૯૮, ખાનપુર તાલુકાની ૨૧, સંતરામપુર તાલુકાની ૫૪, કડાણા તાલુકાની ૩૩, બાલાસિનોર તાલુકાની ૩૧ અને વિરપુર તાલુકાની ૧૯ આમ કુલ મળીને મહિસાગર જિલ્લાની ૨૫૬ ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાનાર હોવાથી પોતાના મનગમતા ઉમેદવારને જીતાડવા માટે ગ્રામજનો ઉત્સુક છે.

## લુણાવાડા ખાતે આજે સ્નેહમિલન સમારંભમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવશે

લુણાવાડા,
ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે મહીસાગર જિલ્લામાં યોજાનાર સ્નેહમિલન સમારંભમાં ઉપસ્થિત રહેવાના છે. જિલ્લાનું વડું મથક લુણાવાડા ખાતે આવેલ પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર હજાર રહશે સાથે પ્રભારી મંત્રી અર્જુનસિંહ ચૌહાણ,સંસદ સભ્ય રતનસિંહ રાઠોડ સહીત અનેક અગ્રણી નેતાઓ અને કર્યકરો પણ હાજર રહેવાના હોવાનું જાણવા મળ્યું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા તથા તાલુકાના મુખ્ય હોદ્દેદારોની તાલુકા અને જિલ્લા સ્થળે બેઠક મળી હતી. જેમાં કાર્યક્રમને સફળ બનાવવા માટે દરેક શકિતકેન્દ્ર પરથી સંખ્યા લાવવા હોદ્દેદારોને આગ્રહ કરવામાં આવ્યો હતો.

# લુણાવાડા તાલુકાની કેટલીક ગ્રામ પંચાયતોના તલાટીઓ ફરકતા ન હોવાની રાવ

લુણાવાડા,
લુણાવાડા તાલુકામાં તાલુકા પંચાયતના કથળતા વહીવટના કારણે કેટલાક તલાટીઓ મહીનાઓ સુધી ગ્રામ પંચાયતમાં જતા ન હોવાની રાવ ઉઠવા પામી છે. તાલુકાની કેટલાક ગ્રામ પંચાયતોના તલાટીઓ પણ ડીજીટલ બની ગયાનો કચવાટ છે. આ તલાટીઓએ લુણાવાડા ખાતે પોતાના લાગતા વળગતા મિત્રોની દુકાને ઓફિસો બનાવીને અને ત્યાંજ લોકોના વહીવટો કરી રહ્યા છે. લોકોને તલાટીઓનું કામ હોય તો તેમની ઓફિસના કર્મચારી સાથે વાત કર્યા પાછી જ તલાટી મળતા હોય છે. આ તલાટીઓ ગ્રામ પંચાયતોમાં જતા નથી તેઓ બારોબાર લુણાવાડા ખાતે બેઠા વહીવટો કરતા હોય છે. જે બાબતે અગાઉ કણજાવ ગ્રામ પંચાયતના તલાટી છ મહિનાથી ગ્રામ પંચાયતમાં આવતા ન હતા. તે સહિત કેટલાય ગ્રામ પંચાયતના લોકોએ લુણાવાડા તાલુકા વિકાસ અધિકારીને રજુઆતો કરવા છતાં તે બાબતે પગલા લેવાયા નથી. તો આ બાબતે જીલ્લા વિકાસ અધિકારી આવા ગુલ્લેબાજ ડીજીટલ તલાટીઓ સામે પગલાભરે અથવા તેમની આ તાલુકામાંથી બદલી કરે તેવુ લોકો ઈચ્છી રહ્યા છે.

## વિરપુરમાં દરીયા દુલાની દરગાહ સામે અંગત અદાવતમાં મારામારી

વિરપુર,
મહિસાગર જિલ્લાના વિરપુરના દરીયા દુલાની દરગાહ સામે અંગત અદાવતમાં ઝઘડો થયો હતો. આ બનાવમાં બોલાચાલી ઉગ્ર બનતા મારામારીમાં પરીણમી હતી. મહેમુદપુરામાં રહેતા સલીમ ઉર્ફે ગુડ્ડો ઉસ્માનભાઈ શેખને ઈસુબ ઉર્ફે બિરજુ શેખ સાથે અઢી વર્ષ પહેલા ઝઘડો થયો હતો. અને આ બનાવ અંગે પોલીસ કેસ થયો હતો. જે અંગેની રીસ રાખી ઈસુબ ઉર્ફે બિરજુ શેખ મોટરસાયકલ લઈને પોતાના દિકરા સાથે દરગાહમાં આવ્યો હતો તે સમયે સલીમ ઉર્ફે ગડ્ડો જોઈને કહેવા લાગેલ કે તારે આ બાજુ પગ મુકવો નહિ, જો આ બાજુ આવીશ તો તારા ટાંટિયા ભાંગી નાંખીશ તેમ કહી ગમે તે ગાળો બોલવા લાગ્યો હતો. આ બાદ ઈસુબ ઉર્ફે બિરજુ મોટરસાયકલ પર પોતાના દિકરાને લઈ ઘરે જતા રહ્યા હતા અને આ બનાવની વાત પરિવારના સભ્યોને કહી હતી. આ બાદ પરિવારના સભ્યો દરગાહ પાસે જતા સલીમ ઉર્ફે ગડ્ડો હાથમાં ધારિયુ, આરીફભાઈ અને આફતાબ પોતાના હાથમાં લાકડી અને હબીબી છુટા પથ્થરનો ઉપયોગ કરીને ઝઘડો કર્યો હતો.

આ બનાવમાં ઈસુબ ઉર્ફે બિરજુ અને ઈરફાનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જયારે અન્ય પરિવારના સભ્યોને ધમકી આપી હતી. આ બનાવ અંગે ઈસુબ ઉર્ફે બિરજુ જાબીરભાઈ શેખે વિરપુર પોલીસ મથકે આ તમામ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી જેથી વિરપુર પોલીસે આ તમામ વિરુદ્ધ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગોધરાના પરવડી ગામે જનજાગૃતિ અભિયાન અંતર્ગત સભ્યો નોંધણી શરૂ કરાઈ



ગોધરા,
પંચમહાલ જિલ્લાના ગોધરા વિધાનસભાના ક્ષેત્રના પરવડીને તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા અને ગઢ ગામે પંચમહાલ જિલ્લા અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા ૧૪ નવેમ્બર ૨૧ થી શરૂ થયેલ જનજાગૃતિ અભિયાન કાર્યક્રમ અંતર્ગત કાર્યક્રમના શુભારંભના ભાગરૂપે તેમજ નવા વર્ષની શુભકામના સાથે કોંગ્રેસ પક્ષમાં સક્રિય અને પ્રાથમિક સભ્ય નોંધણી ઝુંબેશના ભાગરૂપે ગોધરા તાલુકા કોંગ્રેસ કાર્યકરોની મીટીંગ ગોધરા વિધાનસભાના કોંગ્રેસના આગેવાન રાજેન્દ્રસિંહ પરમાર જિલ્લા ઉપપ્રમુખ માનસિંહભાઈ પટેલ અને હિંમતસિંહભાઈ પરવડી ગઢ ગામે પરભાતભાઇ અને ભુપેન્દ્રભાઈને ઉપસ્થિતિમાં હાજર રહ્યા હતા.

## સંતરામપુર પોલીસ મથકના ગુનાના વોન્ટેડને રાજસ્થાન બામણીયા ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો

સંતરામપુર,
સંતરામપુર પોલીસ મથકના ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપી રાજસ્થાન બામણીયા ખાતે રહેતા હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે ઝડપી પાડી સંતરામપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

પ્રાપ્ત વિગતો પ્રમાણે સંતરામપુર, પોલીસ મથકના ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપી જયંતિ જોખતાભાઈ સંગાડા રહે. બામણીયા, તા.ધરીયાવાદ, જી. પ્રતાપગઢને હાલ પોતાના ગામે છે. તેવી બાતમીના આધારે મહિસાગર એલ.સી.બી. પોલીસે બાતમીવાળી જગ્યાએ તપાસ કરી આરોપીને ઝડપી પાડવામાં આવ્યા હતા અને સંતરામપુર પોલીસને સોંપવામાં આવ્યો.

## ગોધરા ખાતે આંતરરાષ્ટ્રીય બાળ દિનની ઉજવણી કરાઈ



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
જિલ્લા સમાજ સુરક્ષા કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા એકમ, ગોધરા દ્વારા તા. ૧૪/૧૧/૨૦૨૧નાં રોજ ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, ગોધરા ખાતે આંતરરાષ્ટ્રીય બાળદિનની ખૂબ ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી હતી. બાળદિન નિમિત્તે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, ગોધરા ખાતે બાળ દિન નિમીત્તે બાળકો દ્વારા ચિત્ર સ્પર્ધા, બાળકોનું હેલ્થ ચેકઅપ, પંચમહાલ ગાયત્રી પરીવાર સંગઠન દ્વારા બાળકોને બાળ સંસ્કાર, ધાર્મિક સંસ્કાર, વાર્તાઓ, શૈક્ષણિક પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. બાળકો તથા સ્ટાફ દ્વારા ખુબ જ ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો હતો. જિલ્લા બાળ સુરક્ષા એકમ, પંચમહાલ દ્વારા રાષ્ટ્રીય સેવા સંઘ દ્વારા આયોજિત બાળકીઓની શિબિરમાં ઉપસ્થિત રહી બાળકીઓને બાળકોના અધિકારો, ગુડ ટચ બેડ ટચ, પોકસો એકટ, જુવેનાઈલ જસ્ટિસ એકટ, ચાઈલ્ડ લાઈન ૧૦૯૮, બાળ લગ્ન, બાળ મજૂરી તથા બાળ સુરક્ષા તેમજ સમાજ સુરક્ષાની વિવિધ યોજનાઓ અંગે વિગતવાર માર્ગદર્શન પૂરૂ પાડી બાળ દિનની ઉજવણી કરવામાં આવી હતી.

## દે.બારીયા મામલતદાર ઓફિસમાં NFSAમાં રાહતના રેશનકાર્ડના ફોર્મ ત્રણ-ચાર માસથી મંજુર કરાયા નથી

દે.બારીયા,
દે.બારીયા મામલતદાર ઓફિસમાં નેશનલ ફુડ સીકયુરીટી એન.એસ.એફ.એ. યોજનામાં લાભ લેવા માટે અનેક અરજીઓ લેવામાં આવી હતી. તે ફોર્મ હાલમાં પુરવઠા શાખામાં ધુળ ખાતા કરી દીધા છે. આ ફોર્મ અંગે લાભાર્થીઓ છેલ્લા ચાર-પાંચ માસથી ધરમના ધક્કા ખાય છે પણ ત્યાં એક જ જવાબ ટેપ કરેલો સાંભળવામાં આવે છે. કમીટીની રચના કરવામાં આવશે. ત્યારબાદ તમારા ફોર્મની મંજુરી થશે તેવું પુરવઠા શાખાના કર્મીઓ જણાવી રહ્યા છે. આ ફોર્મ ભરેલ લાભાર્થીઓને આ જવાબ સાંભળતા ખાસ્સો સમય વિતાવી નાખ્યો છે, પરંતુ કમીટીની રચના ક્યારે થશે તે કોઈને ખબર નથી, પહેલા તો કાયમી અને સ્થાઈ પુરવઠા મામલતદારની નિમણૂંક કરવામાં આવે ત્યારબાદ સમય મર્યાદામાં રેશનકાર્ડની કામગીરી થાય તેવા આદેશ જારી કરવામાં આવે અને એન.એફ.એસ. યોજનામાં ગરીબ લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવે વહેલીતકે કમીટીની રચના કરવામાં આવે તેવી એન.એફ.એસ.એ. માં સમાવેશ થાય તેવા લાભાર્થીઓ મીટ માંડી કાગડોળે રાહ જોઈને બેઠા છે અને અમારા રાહતના કાર્ડમાં આવરી લેવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## અનુબંધમ પોર્ટલ પર નોંધણી કરાવી દાહોદ જિલ્લાના યુવાનો ઝડપથી સારા પગારની મેળવી શકે છે નોકરી

દાહોદ,
જિલ્લાના યુવાનો પોતાના જિલ્લામાં તેમજ અન્ય જગ્યાએ કયાં નોકરીઓ ખાલી છે અને તેઓ સરળતાથી નોકરી મેળવી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા અનુબંધમ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ રોજગારવાચ્છુંયુવાનો અને નોકરી આપનાર વચ્ચેની કડી બનવાનું મહત્વનું કામ કરે છે. દાહોદ જિલ્લાના ૪૨૦૦ જેટલા યુવાનોએ આ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવ્યું છે. હાલમાં જિલ્લામાં ૨૨૦ જેટલી જગ્યાઓ માટે આ પોર્ટલ પર જગ્યા ઉપલબ્ધ છે. જિલ્લાના યુવાનો આ પોર્ટલ પર રજીસ્ટ્રેશન થકી ઉપલબ્ધ જગ્યાઓ માટે ઉમેદવારી નોંધાવી શકે છે. આ માટે http://anubandham.gujarat.gov.in ઉપર ફકત મોબાઈલથી જોબસીકર તરીકે નામનોંધણી કરીને ઘરેબેઠા રોજગાર મેળવી શકાય છે. આ ઉપરાંત જિલ્લા રોજગાર કચેરીનો રૂબરૂ સંપર્ક કરી તેમજ કરિયર કોલ સેન્ટરનો નંબર ૬૩૫૭૩૯૦૩૯૦ ડાયલ કરીને સચોટ અને અદ્યતન માહિતી-માર્ગદર્શન મેળવી શકાય છે. રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી આ સેવાનો વધુમાં વધુ લોકો લાભ લેવા દાહોદનાં રોજગાર અધિકારી એ.એલ. ચૌહાણે જણાવ્યું છે.

## ઝાલોદમાં માછણ નાળા કેનાલની સાફસફાઈ કરાતા પિયત કરતા ખેડુતોમાં આનંદ

ઝાલોદ,
ઝાલોદ તાલુકો સિંચાઈની દ્રષ્ટિએ મોટો ગણાય છે. તાલુકાના ખેડુતો સિંચાઈ થકી વિવિધ પાકો લેતા હોય છે. માછણનાળા વિભાગ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં સર્વે કરીને સરહદી ગામોમાં પાણી પહોંચવા માટે કેનાલો તૈયાર કરી છે. જમણા અને ડાબા કાંઠા એમ મળીને તાલુકામા સૌથી વધુ વિસ્તારોમાં કેનાલો દ્વારા પાણી આપવામાં આવી રહ્યુ છે. ખેતી માટે ૧૫ નવેમ્બરના રોજથી કેનાલોમાં પાણી છોડાવાનુ છે. જેથી માછણનાળા વિભાગ કેનાલોની સાફ-સફાઈ હાથ ધરવામાં આવી હતી. તેમજ ચોમાસા દરમિયાન મેઈન કેનાલ ૯૯૦માં પડેલા ગાબડાને યુદ્ધના ધોરણે રેપર કર્યુ હતુ. હાલમાં તાલુકાના તમામ ખેડુતોને પાણી મળી રહે તે માટે માછણનાળા તંત્રના અધિકારીઓ દ્વારા તમામ કેનાલોમાં સફાઈ અભિયાન ઉપાડ્યુ હતુ. સોમવારના દિવસથી કેનાલમાં પાણી છોડવામાં આવશે. સરહદી વિસ્તારોમાં શિયાળુ પાક માટે કેનાલનુ પાણી યોગદાનરૂપ સાબિત થાય છે.

# લીમખેડાના અગારા (ઉ) ગામે જમીનના ઝગડામાં મારામારી : ૫ વ્યકિતને ઈજાઓ

લીમખેડા,
દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના અગારા (ઉ) ગામે જમીન સંબંધી મામલે તેમજ જુની અદાવતે ગામમાં રહેતાં બે પરિવાર વચ્ચે સામસામે મારામારીના દ્રશ્યો સર્જાતાં બંન્ને પરિવારના મહિલા સહિત કુલ ૫ વ્યકિતઓને ઈજાઓ થયાનું જાણવા મળે છે. આ સંબંધે બંન્ને પક્ષો દ્વારા સામસામે પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અગારા (ઉ) ગામે નિશાળ ફળિયામાં રહેતાં મુકેશભાઈ દલસીંગભાઈ બારીઆ દ્વારા નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, ગત તા.૧૪મી નવેમ્બરના રોજ બપોરના ૨ વાગ્યાના આસપાસ તેમના ગામમાં રહેતાં ચતુરભાઈ સમસુભાઈ બારીઆ, શારદાબેન સમસુભાઈ બારીઆ, જયબેન સમસુભાઈ બારીઆ અને હિરાબેન સમસુભાઈ બારીઆનાઓએ હાથમાં પથ્થરો લઈ મુકેશભાઈના ઘર તરફ આવ્યાં હતાં અને મુકેશભાઈને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, મારા મોટા બાપની જમીનમાં તું ભાગ કેમ આપતો નથી, તેમ કહેતાં મુકેશભાઈએ જણાવેલ કે, હું મોટ માં નું ભરણ પોષણ કરૂં છું, તને જમીનનો ભાગ નહીં મળે, તેમ કહેતાં ઉપરોક્ત ચારેય જણા એકદમ ઉશ્કેરાઈ જઈ મુકેશભાઈને છુટ્ટા પથ્થરો વડે માર મારી તેમજ પકડી લઈ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવ્યું હતું.

જયારે સામાપક્ષેથી અગારા (ઉ) ગામે રહેતાં ચતુરભાઈ રમસુભાઈ બારીઆએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, પોતાના ગામમાં રહેતાં મુકેશભાઈ દલસીંગભાઈ, કમલેશભાઈ કલસીંગભાઈ, સકુડીબેન દલસીંગભાઈ, સંગીતેબન મુકેશભાઈ ચારેય જાતે બારીઆનાઓએ ગત તા. ૧૪મી નવેમ્બરના રોજ ચતુરભાઈને ત્યાં બપોરના ૨ વાગ્યાના આસપાસ આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી જુના ઝઘડાની અદાવત રાખી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને ચતુરભાઈ, જયબેન, હિરલબેન અને પારૂલબેનને છુટ્ટા પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે માર મારી ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવ્યું હતું.

ઉપરોક્ત બંન્ને બનાવો સંદર્ભે સામસામે લીમખેડા પોલીસ મથકે સામસામે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે બંન્ને પક્ષોની ફરિયાદ દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદના આંબા ગામે તળાવમાં ન્હાવા પડેલ બે યુવક પૈકી એકનું પાણીમાં ડુબી જવાથી મોત

દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના આંબા ગામે બે યુવકો તળાવમાં ન્હાવા પડતાં બે પૈકી એક યુવકનું ડુબી જવાને કારણે મોત નીપજ્યું હતું. જ્યારે એક ફાયર ફાયટરના લાશ્કરો તેમજ સ્થાનીક તરવૈયાઓની મદદથી યુવકને બચાવી લેવામાં આવ્યો હતો.



આજરોજ સવારના સમયે ઝાલાદે તાલુકાના આંબા ગામે બે યુવકો નવીખેડી ફળિયામાં આવેલ એક કુવામાં ન્હાવા પડ્યાં હતાં. બંન્ને યુવકો ન્હાવા પડતાંની સાથે તળાવના ઉંડા પાણીમાં ગરકાવ થવા લાગ્યા હતાં અને બંન્ને યુવકોએ બુમાબુમ કરી મુકતાં આસપાસના લોકો દોડી આવ્યાં હતાં. આ અંગેની જાણ ઝાલોદ ફાયર ફાયટરના લાશ્કરોને પણ કરાતાં ફાયર ફાયટરના લાશ્કરો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યાં હતાં અને ફાયર ફાયટરો તેમજ સ્થાનીક તરવૈયાઓ યુવકને બચાવવા તળાવમાં ઝંપલાવ્યું હતું. જેમાં બે યુવકો પૈકી એક યુવકને બચાવી લેવામાં આવ્યો હતો. જ્યારે એક યુવક તળાવના ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતાં અને પાણી પી જતાં તેનું મોત નીપજ્યું હતું. આ અંગેની જાણ બંન્ને યુવકોના પરિવારજનોમાં થતાં મૃતક યુવકના પરિવારજનોમાં માતમ સાથે શોકની લાગણી છવા ગઈ હતી. બચાવી લેવામાં આવેલ યુવકને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

# દાહોદના કાળી તળાઈ ગામે હીટ એન્ટ રન્ડના બનાવ ટ્રક ચાલકે રોડ સાઈડે ઉંઘેલ વ્યકિતઓ ઉપર ટ્રક ચડાવી દેતાં બે વ્યકિતના મોત

દાહોદ,
દાહોદ તાલુકાના કાળીતળાઈ ગામે રાત્રીના સમયે હીટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે. એક ટ્રેલર ટ્રકના ચાલકે પોતાના કબજાની ટ્રક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રસ્તાની સાઈડમાં ઉંઘી રહેલ ચાર જેટલા વ્યક્તિઓ ઉપર ટ્રેલર ટ્રક ચઢાવી દેતાં એકનું ઘટના સ્થળે પરજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું જ્યારે અન્ય એકનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતુ. જ્યારે અન્ય બે વ્યકિતઓને પણ શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં બંન્ને નજીકના દવાખાને સારવાર લઈ રહ્યાં છે. આમ, ચાર જણા ઉપર ટ્રેલર ટ્રકના ચાલકે ગાડી ફેરવી દેતાં ચાર પૈકી બેના મોત નીપજ્યાં છે.

ગત તા.૧૪મી નવેમ્બરના રોજ મોડીરાત્રીના દોઢેક વાગ્યાના આસપાસ એક ટ્રેલર ટ્રકના ચાલકે પોતાના કબજાની ટ્રેલર ટ્રક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતો હતો. આ દરમ્યાન કાળીતળાઈ ગામે સતી તોરલ હોટલ પાસે રસ્તાની બાજુમાં રાત્રીના સમયે મીઠીં નિંદર માણી રહેલ સંજુભાઈ કશનાભાઈ પરમાર, રણજીતભાઈ ચંદુભાઈ પરમાર, પીન્ટુભાઈ ભુરજીભાઈ ડામોર અને અવિનાશભાઈ દિનેશભાઈ હઠીલા ઉપર ટ્રેલર ટ્રકના ચાલકે પોતાના કબજાની ટ્રક ચઢાવી દેતાં તમામ પર ટ્રકના તોતીંગ પૈડા ફરી વળ્યાં હતાં જેમાં સંજુભાઈ પરમારનું ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે અવિનાશભાઈને પણ શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવતાં સારવાર દરમ્યાન અવિનાશભાઈનું પણ મોત નીપજ્યું હતું જ્યારે રણજીતભાઈ તથા પીન્ટુભાઈને પણ શરીરે તેમજ માથાના ભાગે ઈજાઓ થતાં તેઓ હાલ દવાખાને સારવાર લઈ રહ્યાં છે. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને થતાં મોડી રાત્રે પોલીસ પણ તાબડતોડ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલંશ સેવા પણ દોડી ગઈ હતી. ઘટનાને પગલે ઘટના સ્થળ પર લોકટોળા પણ ઉમટી પડ્યાં હતાં. માર્ગ અકસ્માત સર્જી ટ્રેલર ટ્રકનો ચાલક સ્થળ પર મુકી નાસી ગયો હતો.

આ સંબંધે દાહોદ તાલુકાના કતવારા ગામે ખોબડી ફળિયામાં રહેતાં મનિષભાઈ કશનાભાઈ પરમારે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લાના બે તાલુકા માંથી બે સગીરાઓને લગ્નની લાલચે અપહરણ કરતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ જિલ્લાના ગરબાડા તથા ધાનપુર તાલુકામાંથી બે સગીરાઓને લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં બે યુવકોએ અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

સગીરાના અપહરણનો પ્રથમ બનાવ ગરબાડા તાલુકાના ગાંગરડી ગામે ગત તા.૩૦મી ઓક્ટોમ્બરના રોજ બનવા પામ્યો હતો. જેમાં ધાનપુર તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાને બિહાર ખાતે રહેતો રાજકિશોકુમાર નામક યુવકે સગીરાને પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલીવારસ દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સગીરા અપહરણનો બીજો બનાવ ધાનપુર તાલુકાના નાનીમલુ ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૨૪મી ઓક્ટોમ્બરના રોજ ધાનપુર તાલુકાના ધનારપાટીયા ગામે રહેતો વિપુલભાઈ કનુભાઈ ભુરીયાએ ધાનપુર તાલુકામાં રહેતી એક સગીરાના ઘરે રાત્રીના સમયે આવ્યો હતો અને સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં સગીરાને રાત્રીના સમયે તેના ઘરેથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

## દે.બારીઆ તાલુકાના જુનીબેડી ગામે

# યુવકને પોલીસે પકડી માર મારતા યુવક પોલીસના સંકજામાંથી છુટી ભાગવા જતા કુવામાં પડતા યુવકનું મોત

- દે.બારીઆ તાલુકાના સાગટાળા પોલીસ મથકની હદમાં આવેલ જુની બેડી ગામે પોલીસના મારથી બચવા યુવક કુવામાં પડતા મોત.
- ૨૪ વર્ષીય યુવકના મોતને લઈને અનેક તર્ક-વિતર્ક.
- જે પોલીસે યુવકને પકડીને માર માર્યો તે પોલીસ ત્યાંથી નાસી જતા શંકા-કુશંકા.

દાહોદ,

દેવગઢ બારીઆ તાલુકાના જુની બેડી ગામે ઝોલ ફળીયામાં રહેતા એક યુવાનને સાગટાળા પોલીસ મથકના બે પોલીસ કર્મીઓએ અરજીના કામે તેના ઘરે જઈ તેને પકડી પાડી બે-ત્રણ લાકડી મારતા યુવક પોલીસના હાથમાંથી છટકી ભાગવા જતા કુવામાં ખાબકતા યુવકનું મોત નિપજ્યું હતુ.

પ્રાપ્ત માહિતી મુજબ તા.૧૪.૧૧.૨૧ના રોજ દેવગઢ બારીઆ તાલુકાના સાગટાળા પોલીસ મથકની હદમાં આવેલ જુની બેડી ગામે ઝાલ ફળીયામાં રહેતા ભરતભાઈ તેરસીંગભાઈ નાયકનો પુત્ર વનરાજ ભરતભાઈ નાયક ઉ.વ.૨૪ ના એ ગત પાંચ વર્ષ અગાઉ તેના જ સમાજની બેડા ગામની યુવતી સાથે સમાજના રીતરિવાજ પ્રમાણે લગ્ન કરેલા અને તે પછી જે હાલ વડોદરા ખાતે તેના પરિવાર સાથે રહે છે, જ્યારે તેનો પુત્ર વનરાજ ભરતભાઈ નાયક ઉવ.૨૪ જે તેની બા કાળીબેન સાથે જુની બેડી ગામે રહે છે. જેના લગ્ન પાંચ વર્ષ અગાઉ તેના જ સમાજની જુના બેડા ગામની યુવતી સાથે સમાજમા રીતિ રિવાજ મુજબ લગ્ન કરેલ અને તે પછી આ યુવતીના પીયરમાં તેના અન્ય કોઈ છોકરા સાથે આડા સંબધ હોવાના કારણે તે વનરાજ સાથે રહેતી ના હતી અને વનરાજ સાથે ઘર સંસાર માંડવા માંગતી ના હોવાથી તેના પિયરમાં રહી વનરાજ અને તેના પિતા વિરૂધ્ધ સાગટાળા પોલીસ મથકમા અરજી કરેલ અને બંને ગામની પંચોના અનુસંધાને પંચરાહે નિકાલ કરવા બેઠેલ જેમા યુવતીના દરદાગીના(રકમ)નો નિકાલ ના થતા પંદર દિવસનો વાયદો કરી તે દરદાગીના પરત આપવાનું જણાવેલ ત્યારે ગત તા.૧૪ નવેમ્બરના રોજ વનરાજ તેમજ તેની બા એમ બંને જણા ઘરે હતા.

સાંજના સાત વાગ્યાના સુમારે જમી પરવાડી બંને જણ ઘરે બેઠેલા હતા ત્યારે સાગટાળા પોલીસ સ્ટેશનમાંથી બે પોલીસવાળા તેમની મોટર સાયકલ કોતરની ધરા ઉપર મુકી ચાલતા આવેલા અને વનરાજને કહેવા લાગેલ કે તમે લોકો તમારી અરજીનો નિકાલ કેમ કરતા નથી. તું અન્યારે અમારી સાથે ચાલ તેમ કહી પકડીને બહાર કાઢતા હતા અને તે વખતે તેઓએ બે ત્રણ લાકડીઓ પણ મારેલી જેથી આ છોકરો વનરાજ તેઓના હાથમાંથી છટકી ભાગવા લાગેલ ત્યારે ઘરની નજીકમા આવેલ કુવામાં પડવાનો અવાજ થતા વનરાજની બા તેમજ બંને પોલીસ કર્મીઓ કુવા પાસે જઈઈ જોતા કોઈ લાશ ઉપર જણાતી ના હતી જેની બુમા બુમ કરતા આસપાસના લોકો દોડી આવેલ અને તે પછી કુવામાં જોતા કુવાના પાણીમા વનરાજનો શર્ટ દેખાતો હતો. જ્યારે આ જોઈ બંને પોલીસ કર્મીઓ ત્યાંથી નાશી ગયેલા જે બનાવ અંગે વનરાજના પિતા વડોદરા ખાતે હોઈ જેમને આ અંગે જાણ કરતા તે જુની બેડી ગામે આવી ગામના માણસો સાથે આજરોજ તા.૧૫ નવેમ્બરના રોજ સાગટાળા પોલીસ મથકે કરતા પોલીસે વનરાજના પિતા ભરતભાઈ તેરસીંગભાઈ નાયક એ બંને પોલીસ કર્મીઓના કારણે તેનો પુત્ર વનરાજનું મોત નિપજ્યું હોઈ જે બાબતની ફરીયાદ દાખલ કરાવતા પોલીસે હાલ જાણવા જોગ જાહેરાત લઈ લાશને કુવામાંથી બહાર કાઢી તેને દે.બારીઆ હોસ્પીટલમાં પીએમ અર્થે મોકલી આપી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

દે.બારીઆ તાલુકાના જુની બેડી ગામના પોલીસ બનાવમાં ગ્રામજનો તેમજ મરનાર યુવકના પરિવારજનોએ જે પોલીસ કર્મીઓના કારણે યુવકનું મૃત્યુ નિપજ્યુ છે. તે બંને પોલીસ કર્મીઓ તો હાલ ગ્રામજનો સમક્ષ લાગ્યા પછી આ યુવકની લાશ બહાર કાઢવાની માંગ કરતા પોલીસ પણ વિમાસણમા મુકાઈ હતી. ત્યારે આ ગ્રામજનો તે અન્ય ગ્રામજનો તેમજ અન્ય પોલીસ કર્મીઓ તેમજ સ્થાનિક પીએસઆઈએ બંને પોલીસ કર્મીઓ સામે પગલા લેવાની ખાત્રી આપતા વનરાજની લાશ કુવામાંથી બહાર કાઢવામાં આવી હતી.

# દાહોદ જીલ્લામાં જનનાયક બિસ્સા મુંડાની ૧૪૬મી જન્મ જયંતિ ઉજવણી કરાઈ

દાહોદ,

આદિવાસી જન નાયક ક્રાંતિસૂર્ય ભગવાન બિરસા મુડાજીની ૧૪૬ મી જન્મ જયંતિની ઉજવણી ક્રરવામાં આવી હતી. તમામ રાજકીય પક્ષો દ્વારા દાહોદ શહેર સહિત જિલ્લામાં બિરસા મુંડાજીની પ્રતિમાને ફુલહાર ચઢાવી તેઓને યાદ ક્ર્યાં હતાં જેમાં ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિત ભીલ ટાઈગર સેના દ્વારા પણ બિરસા મુંડા જીની પ્રતિમાને ફૂલહાર ચડાવી જન્મ જયંતીની ઉજવણી કરી હતી. આ ઉપરાંત દાહોદ જિલ્લાના આદિવાસી સમાજ દ્વારા આજે જન્મ જયંતી નિમિત્તે અનેક કાર્યક્રમો પણ યોજવામાં આવ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે. સામાજિક ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓ કરતી આદિવાસી સાસ્કૃતિક યુવા ટ્રસ્ટ દાહોદ .એકલ્વય સ્પોર્ટ્સ એન્ડ એજયુકેશાન ફાઉન્ડેશન દાહોદ તથા બિરસા ફાઉન્ડેશન દાહોદ દ્વારા આદિવાસી જન નાયક ક્રાંતિસૂર્ય ભગવાન બિરસાજી ની ૧૪૬મી જન્મ જયંતીની ઉજવણી સંસ્થાના હોદ્દેદારો.. સામાજિક આગેવાનો તથા કાર્યકતાઓ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે બિરસા ફાઉન્ડેશન દાહોદ દ્વારા શિક્ષિત યુવાનોને પી.એસ.આઈ.તથા કોન્સ્ટેબલની ભરતી માટે માગેદર્શેન મળી રહે તે માટે પુસ્તકોનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આજરોજ તારીખ ૧૧મી નવેમ્બરના રોજ ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિ તેમજ જનજાતિ ગૌરવ દિવસનિમિત્તે દાહોદ જીલ્લા ભાજપા કાર્યાલય ખાતે ભાજપા અ.જ.જા. મોર્ચાના રાષ્ટ્રીય કારોબારી સભ્ય પ્રો. ગૌતમભાઈ સંગાડાની અધ્યક્ષતામાં પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મોર્ચા ના પ્રદેશ કારોબારી સભ્ય રમેશભાઈ અમલિયાર, મોર્ચાના જીલ્લા મહામંત્રીસામાભાઈ કટારા, મોર્ચાના શહેર પ્રમુખસુનિલભાઈ બારીઆ, મોર્ચાના શહેર મહામંત્રીલક્ષ્મણભાઈ ડોડીયાર તથા વિગેરે કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. દાહોદ શહેર બિરસા મુંડા ચોક ખાતે ભાજપા અ.જ.જા. મોર્ચા દ્વારા ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પિત કરવામાં આવી હતી. આ પ્રસંગે પુર્વ કેન્દ્રિય મંત્રી અને સાંસદ જસવંતસિંહ ભાભો, અ.જ.જા. મોર્ચાના રાષ્ટ્રીય કારોબારી સભ્ય પ્રો. ગૌતમભાઈ સંગાડા સાહેબ, જીલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, નગર પાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ, ભાજપા જીલ્લા મહામંત્રી નરેન્દ્રભાઈ સોની, જીલ્લા પંચાયત સભ્ય સુધીરરભાઈ લાલપુરવાલા તેમજ સૌ હોદ્દેદારઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# દાહોદનાં ગરબાડાના ૧૭ ગામોનાં ૧૭૪૧૫ ઘરોને રૂ. ૧૯૬૭ લાખથી વધુનાં ખર્ચે નળજોડાણ મળશે


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદનાં ગરબાડાના ૧૭ ગામોનાં ૧૭૪૧૫ ઘરોને રૂ. ૧૯૬૭ લાખથી વધુનાં ખર્ચે નળજોડાણ અપાશે. સાંસદ જસવંતસિંહ ભાભોરે વિવિધ જિલ્લા પંચાયતોની બેઠકો ખાતે જલ જીવન મિશન અંતર્ગત નલ સે જલ યોજનાનું ખાતમુહૂર્ત કરાવી શુભારંભ કરાવ્યો હતો. સાંસદ ભાભોરે આ પ્રસંગે જિલ્લાના દરેક ગામનાં દરેક ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચતું કરવા માટે સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, દાહોદ જિલ્લાના અંતરિયાળ ગામો સહિત તમામ ગામો સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચતુ કરવામાં આવશે. આજે ફકત ગરબાડાના જ ૧૭ ગામોનાં ૭૧૪૧૫ ઘરોને નલ સે યોજના અંતર્ગત પીવાનું પાણી ટૂંક સમયમાં જ પહોંચતુ થઈ જશે. આ માટે રૂ. ૧૯૬૭ લાખથી વધુની રકમ મંજૂર કરવામાં આવી છે. આ માટે સમયમર્યાદા પણ નક્કી કરવામાં આવી છે. એ સમયમર્યાદામાં જ આ ગામોને ઘરે ઘરે નળ કનેક્શન મળી જશે. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં જિલ્લામાં વિવિધ યોજનાઓને ઝડપથી સાકાર કરવામાં આવી રહી છે અને લોકો સુધી તેના ફળ પહોંચતા થયા છે.

સાંસદ જસવંતસિંહ ભાભોરે આજે વિવિધ જિલ્લા પંચાયત બેઠકો ખાતેથી કરેલા ખાતમુહૂર્તની વિગતો જોઈએ તો ઝરીબુજર્ગ જિલ્લા પંચાયત બેઠકના ચાર ગામો સીમલીયા બુજર્ગ, ઝરીબુજર્ગ, ગાંગરડા, જાંબુઆમાં કુલ રૂ. ૫૩૬.૦૨ લાખની કિમતે ૫૦૫૭ ઘરજોડાણ અપાશે. નઢેલાવ જિલ્લા પંચાયત બેઠકનાં આંબલી ગામમાં ૨૧૩.૪૯ લાખનાં ખર્ચે ૯૫૦ ઘરજોડાણ, નઢેલાવ ગામમાં ૨૭૬.૫૫ લાખનાં ખર્ચે ૨૧૨૨ ઘરજોડાણ અપાશે.

તેમજ ગરબાડા જિલ્લા પંચાયત બેઠકનાં દેવધા, ગરબાડા અને સાહડા ગામમાં રૂ. ૩૦૫.૬૧ લાખ નાં ખર્ચે ૨૭૩૭ ઘર જોડાણની મંજૂરી આપવામાં આવી છે. જેનું ખાતમૃહૂર્ત પણ સાંસદ જસવંતસિંહ ભાભોરે આજે કર્યું હતું. તેમજ અભલોડ જિલ્લા પંચાયત બેઠકનાં પાંદડી, પાટીયા અને ટુંકી વજુ ગામનાં ૨૪૮૧ ઘરજોડાણ રૂ. ૨૧૪.૩૮૭ લાખનાં ખર્ચે સાંસદએ આજે શરૂ કરાવ્યા છે. આ ઉપરાંત ભે જિલ્લા પંચાયત બેઠકનાં ચંદલા, ભરસડા, ભે, નળવાઈ અને મીનાકયાર ગામોનાં ૪૨૧.૫ લાખ રૂ.નાં ખર્ચે ૪૦૬૮ ઘરોને નળજોડાણ આપવાની કામગીરી આજથી શરૂ કરવામાં આવી છે.

આ વેળાએ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, અગ્રણી સુધીરભાઈ લાલપુરવાલા, જિલ્લા તેમજ તાલુકા પંચાયતના સભ્યઓ, જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ, દાહોદનાં અધિકારીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

## ફતેપુરામાં ભગવાન બીરસા મુંડા જયંતિની દંડક રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને ઉજવણી કરાઈ


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા મુખ્ય મથક ખાતે ૧૫ નવેમ્બર મહાનાયક બિરસા મુંડા જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા ના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ કાર્યક્રમમાં આદિજાતિ મોરચાના પ્રદેશ ઉપાધ્યાય રમેશભાઈ ભાભોર, પ્રદેશ ઉપાદયક્ષ અશ્વિનભાઈ પારગી, પંકજભાઈ પંચાલ લાલાભાઈ સુવર મંગળભાઈ પારગી ચુનીલાલ ચરપોટ, મુકેશભાઈ પારગી, સહિત ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય મહાનાયક ક્રાંતિકારી અને સ્વાતંત્ર સેનાની ભગવાનનું બિરૂદ મેળવનાર બીરસા મુંડાની દેશ માટે અને સમાજ માટે કરાયેલ લડત અને ચળવળની વાત જણાવી હતી.




ફતેપુરા તાલુકાના બલૈયા ગામના પ્રજાપતિ ભરતભાઈ સીઆરપીએફમાં ફરજ બજાવતા હતા. જેઓનું રવિવારના રોજ અમદાવાદ ખાતે અકસ્માતમાં મોત નીપજ્યું હતું. જેને લઈને જવાનોમાં તેમ જ પરિવારજનોમાં શોક છ્વાઈ ગયો હતો. બલૈયા ખાતે સીઆરપીએફના જવાનો દ્વારા ગાર્ડ ઓફ ઓનર સાથે સલામી આપવામાં આવી હતી અને પરિવારજનો દ્વારા અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. સીઆરપીએફ જવાનનું મોત થતાં ગ્રામજનોમાં શોક છ્વાઈ ગયો હતો. અંતિમવિધિમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

## અનુસૂચિત જાતિના કલાકારો માટે નડીયાદ ખાતે તાલીમ શીબીર

દાહોદ,

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર હસ્તકની કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દ્વારા અનુસૂચિત જાતીના ૧૪ થી ૩૫ વર્ષના કલાકારો માટે લોકનૃત્યની તાલીમ શીબીરનું આયોજન નડીયાદ ખાતે આગામી તા.૨૧/૧૧/૨૦૨૧ કરાયું છે. શીબીરમાં ભાગ લેવા દાહોદ જિલ્લાના ફક્ત અનુસૂચિત જાતીના કલાકારોએ સાદા કાગળ પર પોતાનુ નામ, સરનામુ, સંપર્ક નંબર, આધારકાર્ડ વગેરે વિગત સાથે તા.૧૭/૧૧/૨૦૨૧ સાંજે ૦૫:૦૦ કલાક સુધીમા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જિલ્લા સર્વે ભવન, છાપરી, દાહોદ કચેરીનો સમ્પર્ક કરવો. આ અંગે વધુ માહિતી માટે પ્રાંત યુવા વિકાસ અધિકારી જે. સી. ડાભી સંપર્ક નં. ૯૪૨૮૧૩૧૮૫૯ નો સંપર્ક કરવો તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## દાહોદના છાપરી ગામે કુવા માંથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળતાં ચકચાર



દાહોદ,

દાહોદ તાલુકાના છાપરી ગામે એક કુવામાંથી અજાણ્યા યુવકની લાશ મળી આવતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગેની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને યુવકની લાશનો કબજો લઈ નજીકના દવાખાને પીએમ અર્થે રવાના કરી દેવામાં આવ્યો છે.

આજરોજ વહેલી સવારના સમયે દાહોદ તાલુકાના છાપરી ગામે એક ખુલ્લા કુવામાંથી એક અજાણ્યા યુવકની લાશ નજરે પડતાં સ્થાનીકોમાં ચકચાર મચી જવા પામી હતી. ઘટનાને પગલે ઘટના સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. પોલીસને પણ આ બનાવની જાણ કરાતાં પોલીસ કાફલો પણ દોડી આવ્યો હતો. સ્થાનીક તરવૈયાઓની મદદથી યુવકની લાશની લાશને કુવામાંથી બહાર કાઢી નજીકના દવાખાને પીએમ અર્થે રવાના કરી દેવામાં આવ્યો છે. પોલીસ દ્વારા આ અજાણ્યા યુવકના વાલીવારસની શોધખોળના ચક્રો પણ ગતિમાન કરવામાં આવ્યાં છે. ત્યારે બીજી તરફ કુવા તરફથી બીનવારસી મોટરસાઈકલ સાથે એક બેગ પણ મળી આવી હતી. અજાણ્યા યુવકે આપઘાત કર્યો હશે કે, કે તેની હત્યાં કરવામાં આવી હશે? જેવા અનેક સવાલો સાથે પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

# દાહોદ જીલ્લામાં રોજગારીના અભાવે હિજરત માટે લોકો મજબુર ખોટા વાયદા અને કાગળો ઉપર કામનો હિસાબની ચુંટણી થશે ?


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

વર્ષો વિતી ગયાં પણ દાહોદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારના લોકોનો હાલ પણ કોઈ ઉદ્ધાર થતો જોવા મળી રહ્યો નથી. સરકાર આવી અને ગઈ. સરકાર બદલાઈ અને નવી આવી પરંતુ દાહોદ જિલ્લા જેવા ટ્રાયબલ વિસ્તારના ગ્રામીણ લોકો હાલ પણ દાહોદ જિલ્લામાંથી હીજરત કરવી પડી રહી છે. દાહોદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારના લોકોને શા માટે હિજરત કરવી પડે છે? તેનું મુખ્ય કારણ જાણવા અને તેનું સમાધાન લાવવા આજદિન સુધી કોઈ નેતા,અધિકારી કે કોઈ સમાજ સંસ્થાઓએ બીડુ ઉઠાવ્યું છે ખરૂં. દાહોદ જિલ્લાને ટ્રાયબલ વિસ્તાર તરીકે સરકાર દ્વારા વખતોવખત કરોડો રૂપીયાની ગ્રાન્ટ વિકાસ માટે ફાળવવામાં આવી છે અને હાલ પણ ફાળવવામાં આવી રહી છે, પરંતુ આજદિન સુધી ખરા અર્થમાં ટ્રાયબલ વિસ્તારમાં કોઈ નક્કર પ્રકારની કામગીરી જોવા મળી નથી. અહીં વાત ટ્રાયબલ વિસ્તારના લોકોની હીજરતની થઈ રહી છે કારણ કે, હોળી હોય કે, દિવાળી દાહોદ જિલ્લામાંથી લોકોને હીજરત તો કરવી જ પડે છે. તેનું મુખ્ય કારણએ હોઈ શકે કે, રોજગારીનો અભાવ. દાહોદ જિલ્લામાં રોજગારીના અભાવે લગભગ મોટા પ્રમાણમાં લોકો અન્યત્ર હીજરત કરતાં હોય છે. પોતાની જમીન, જાગીર, ખેતીવાડી, પરિવાર વતનમાં છોડી ગ્રામીણ વિસ્તારના લોકો અન્ય જિલ્લા કે,અન્ય રાજ્યોમાં મજુરી કામ અર્થે રવાના થઈ જતાં હોય છે. હોળી અને દિવાળી જેવા મોટા તહેવારોમાં તહેવાર ઉજવવા પરત માદરે વતન પણ ફરતાં હોય છે અને તહેવાર પત્યાં પછી પરત પોતાનું પેટીયુ રણવા અન્યત્ર મજુરી કામ અર્થે રવાના પણ થઈ જતાં હોય છે. જો આવા ગ્રામીણ વિસ્તારના લોકોને દાહોદ જિલ્લામાંજ રોજગાર મળી રહે તો તેઓને અન્યત્ર જિલ્લામાં કે અન્યત્ર રાજ્યમાં જવુ ન પડે પરંતુ આ ગંભીર બાબતે આજદિન સુધી કોઈ સરકાર, નેતા કે, અધિકારીઓએ દ્યાન દોર્યું નથી અને દાહોદ જિલ્લા જેવા ટ્રાયબલ વિસ્તારના ઉદ્ધાર માટે કોઈ કામગીરી ન કરી હોય તેવું પ્રતિત પણ થઈ રહ્યું છે. જો કામગીરી કરી હોત તો ટ્રાયબલ વિસ્તારમાંથી લોકોને હીજરત કરવીજ ન પડતી. આજના આધુનિક યુગમાં અને ૨૧મી સદીના સમયમાં દાહોદ જિલ્લા જેવા ટ્રાયબલ વિસ્તારને માત્રને માત્ર ટ્રાયબલ વિસ્તારનું બિરૂદ જ મળ્યું છે બાકી હીજરીતીઓને સુવિધા અને રોજગારી તો માત્રને માત્ર સરકારી કાગળો પરજ બતાવી હોય તેમ લાગી રહ્યું છે. આજે પણ દાહોદ શહેરના બસ સ્ટેશનો, રેલ્વે સ્ટેશનો તેમજ ખાનગી વાહનોમાં દિવાળી જેવા તહેવારો પત્યાં બાદ ગ્રામીણ વિસ્તારના લોકો હીજરત કરતાં જોવા મળી રહ્યાં છે. દાહોદ શહેર સહિત જિલ્લાની બસોમાં તેમજ ખાનગી વાહનોમાં હીજરત કરતાં લોકોનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. કોરોનાની પ્રથમ લહેરની યાદ તાજી કરીએ તો આવા હીજરતીઓને માદરે વતન આવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો તેનાથી તો સૌ કોઈ નેતા અને અધિકારીઓ અને પદાધિકારીઓ વાકેફ જ છે હવે સંભવતઃ ત્રીજી લહેરની પણ આશંકાઓ વ્યક્ત કરાઈ રહી છે ત્યારે તેવા સમયમાં આવા હીજરીતીઓની વિશે કોઈકે કાંઈક વિચાર્યું છે ખરૂં? તે પણ એક સળગતો પ્રશ્ન છે. જો ખરા અર્થમાં ટ્રાયબલ વિસ્તારમાંજ રોજગારી ઉભી કરવામાં આવે તો આવા હીજરતીઓને ઘર આંગણેજ રોજગારી મળી શકે તેમ છે અને કોરોનાકાળના જે કપરા સમયમાં વેદના, મુશ્કેલીઓ ઉઠાવી હતી તેનો ફરીવાર સામનો ન કરવો પડે.

દાહોદ જીલ્લો ટ્રાયબલ જીલ્લાની સાથોસાથ ૯૦% થી વધુ ખેતી ઉપર નિર્ભર જીલ્લો છે. વળી અહીયા કોઈ પણ જાતની નહેરો અથવા તો સિચાઈ ની વ્યવસ્થા ના હોય માત્ર ચોમાસા ના પાણી આધારિત ખેતી થાય છે. જેના પગલે આ જીલ્લાના લોકો વર્ષ ના ૧૦ માસ પોતાનુ ગુજરાત ચલાવા અન્ય મોટા શહેરો તરફ પોતાના પરિવાર સાથે હીજરત કરતા હોય છે. દાહોદ જીલ્લો ૧૬ લાખ થી પણ વધુ વસ્તી ધરાવતો જીલ્લો છે. સરકાર દ્વારા ટ્રાયબલ જીલ્લા માટે કરોડો રૂપીયા ઓ યોજનાઓ માટે ફાળવવા મા આવે છે સરકાર મસ મોટી જાહેરાતો કરે છે. તેમ છતાય ટ્રાયબલ બેલ્ટમાં વર્લ્ડ મનડુ કલ્યાણ યોજના જેવી અનેક યોજના હોવા છતાંય શુ કારણ થી અહીયાના શ્રમ જીવો ને રોજગારી માટે અન્ય શહેરો તરફ દોટ મૂકવી પડે છે તે એક સળગતો પ્રશ્ન છે.

સરકાર ભાજપાની હોય કે કોંગ્રેસની આ ટ્રાયબલ જીલ્લાની પ્રજાનો માત્ર ઉપયોગ વોટ બેંક તરીકે થતો આવ્યો છે. ગરીબ કલ્યાણ યોજના હોય કે પછી નરેગા મનરેગા આ બધી યોજના અમલમાં આવે છે. તો ખરી પરંતુ આ યોજનાના નાણાં કયાં જાય છે. તે આજદીન સુધી જાણી શકાય નથી. દેશ ના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દાહોદ જીલ્લા માટે અનેરો પ્રેમ છે, પોતે આ માટી સાથે જોડાયેલ છે. તેમ છતાંય અહીયા ઉદ્યોગો કેમ નથી. લાવવામા આવ્યા તેવા અનેક સવાલો કોરી ખાય છે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વનબધુ કલ્યાણ યોજનાના નામે કરોડોનું આદણ કર્યુ તો પછી આવા ટ્રાયબલ વિસ્તારનો વિકાસ કેમ ન થયો નાણા ખર્ચ થયો તો કયા થયો શું નેતા અધિકારીઓ પાછળ થયો કે, પછી..આ યોજના માત્ર કાગળ ઉપર રાખવામાં આવી તેનો આવનાર સ્થાનિક સ્વરાજની ચુટણીઓમાં હવે લાગે હિસાબ પ્રજા માગે તો નવાઈ નહી.

## બુટલેગર પત્રકાર સહિત બેના બે દિવસના રીમાંડ મંજૂર

ઝાલોદ,

ઝાલોદના બુટલેગર પત્રકાર બિરેન ભાભોર સહિત બે જણને આજે ઝાલોદ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં પોલીસ દ્વારા રિમાન્ડ માંગવામાં આવતા, ઝાલોદ કોર્ટ દ્વારા બે દિવસના જમીન મંજૂર કરવામાં આવ્યા હતા. હાલ પોલીસ દારૂબંધીના કડક અમલ માટે કમર કસી રહી છે. ત્યારે ભલભલા લોકોની સંડોવણી દારૂના ધંધા સાથે બહાર આવી રહી છે. ત્યારે, ગત શનિવારે પોલીસની ચેકીંગ દરમ્યાન ધાવડિયા ચેક પોસ્ટ પર પોતાના કબ્જાની કારમાં દારૂની હેરાફેરી કરતો બુટલેગર પત્રકાર બિરેન ભાભોર ઝડપાયો હતો. પોલીસ સામે પત્રકાર તરીકેનો રૂઆબ જમાવી અને દારૂના ધંધા સાથે સંકળાયેલ બિરેન ભાભોર સહિત અન્ય એક ઈસમ વિજય બારીયાની પોલીસે ધરપકડ કરી હતી. તો કુખ્યાત બુટલેગર રૂપેશ કોળી સહિત અન્ય એક રાજસ્થાનના વ્યકિતને વોન્ટેડ જાહેર કરી અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ધરપકડ બાદ બિરેન ભાભોર તથા વિજય બારીયાને આજે કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા. ઝાલોદ પોલીસે સાત દિવસના રિમાન્ડ માંગતા કોર્ટ દ્વારા ૧૭ નવેમ્બર સુધીના બે દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.71

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# શહેરા તાલુકામાં ડાંગર કાપણીમાં ખેત મજુરોની અછત થતાં ખેડુતો આધુનિક બન્યા

શહેરા,

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં ડાંગરની કાપણીમાં ખેતમજુરોની અછત વર્તાઈ રહી છે. જ્યારે મોરવા રેણા સહીતના આજુબાજુના ગામોમાં હાર્વેસ્ટર દ્વારા ડાંગરની કાપણી કરવામાં આવતી હોય છે. એક વીઘા જમીનમાં ડાંગરની કાપણી કરતા સાત જેટલા ખેતમજુરોને બે કે ત્રણ દિવસ લાગતા હોય જયારે હાર્વેસ્ટર મશીનથી કાપતા માત્ર ૨૫ મિનીટ થતી હોય છે. જેના કારણે ખેડુતોનો સમયની સાથે રૂપિયાની પણ બચત થવા સાથે ખેડુતો બીજી સીઝનની ખેતીની કામગીરીમાં જોતરાઈ જતા હોય છે.

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં ચોમાસાની સીઝનમાં અનેક ખેડુતોએ પોતાના ખેતરમાં ડાંગરના પાકની ખેતી કરી હતી. જોકે આ વખતે ડાંગરના પાકમાં ખેડુતોને મળવાપાત્ર ઉત્પાદન ન થતા ખેડુતો નિરાશ થયા હતા. જ્યારે ગ્રામીણ વિસ્તારમાં ખેડુતો પોતાના પરિવાર તેમજ ખેતમજુરો સાથે ડાંગરની કાપણી કરીને ઝુડવાની કામગીરી કરતા નજરે પડતા હોય છે.મોરવા રેણા સહીતના આજુબાજુ વિસ્તારના ગામોના ખેડુતોને ખેતમજુરો ઓછા મળતા તેઓ હાર્વેસ્ટર જેવા આધુનિક સાધન દ્વારા ડાંગરની કાપણી કરવામા આવી રહી છે. એક વીઘા જમીનમાં સાત જેટલા ખેડુતો બે કે ત્રણ દિવસ ડાંગરની કાપણી કરીને છુટી પાડતા જેટલો સમય લાગે તેનાથી ગણતરીની મિનિટોમાં હાર્વેસ્ટર જેવા મશીનથી માત્ર ૨૫ મીનીટમાં એક વીઘા જમીનમાં ડાંગરની કાપણી થઈને છુ.ટી પડવા સાથે ખેડુતના ઘરે ટ્રેકટર દ્વારા ડાંગરનો પાક પહોંચી જતો હોય છે. ઘાસડી બાંધવાનુ બેલર મશીન ટ્રેકટર પાછળ જોડી દઈને ખેતરમાં રહેલુ છુટુ પડેલુ ઘાસ ને બેલર મશીન ખેચી લઈને ચોરસ આકારના ઘાસની ઘાસડીઓ બંધાઈને બહાર આવી જતી હોય છે.હાલતો ખેતીમાં નવા આધુનિક સાધનો આવી જતા ખેડુતોના સમયનો બચાવ સાથે રૂપિયાનો બચાવ થતો હોય છે.મોરવા રેણા, ગોકળપુરા, પોયડા, વાડી સહીતના ગામોમાં એમ કહીતો નવાઈ નહીકે ખેતરમાં ખેતમજુરોની જગ્યાએ ડાંગરની કાપણીમાં હાર્વેસ્ટરમશીને જગ્યા લીધી હોય તેમ લાગી રહયુ છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

અમારે ૮૦ વીઘા જમીનમાં ખેતમજુરો ઓછા મળતા હોવાથી હાર્વેસ્ટર દ્વારા ડાંગરની કાપણી અમે કરાવતા માત્ર ૯ દિવસમાં જ તેની કામગીરી પુરી થઈ જતી હોય છે. જોકે ગત વર્ષે ડીઝલના ભાવ ઓછા હોવાથી એક વીઘા જમીનમાં ડાંગરની કાપણીમાં હાર્વેસ્ટર મશીનથી કરાવતા ૨૩૦૦/- રૂપિયા જેટલો ખર્ચ થયો હતો. આ વખતે ડીઝલનો ભાવ વધુ હોવાથી એક વીઘા જમીનમાં ડાંગરની કાપણી કરવાના અને ઘાંસડી બાંધવા સાથે ૨૮૦૦ રૂપિયા હાર્વેસ્ટર મશીનોના માલીકો દ્વારા લેવામાં આવી રહ્યા છે.

-: રાજેન્દ્રસિંહ વનરાજસિંહ સોલંકી :-

મારા સહીત અમારા આજુબાજુના ગામોમાં ડાંગરની કાપણી હાર્વેસ્ટર મશીન દ્વારા કરવામા આવી રહી છે. ખેતમજુરો ઓછા મળતા હોવાથી અમે ડાંગરની કાપણી મશીન દ્વારા કરાવતા હોવાથી રૂપિયા સાથે અમારો સમય પણ બચાવ થતો હોય છે. મારા ખેતરમાં ખેતમજુરોથી પાંચ વીઘા જમીનમાં ડાંગરની કાપણીની કામગીરી કરાવતો હતો. તેમાં બારથી પંદર દિવસ થતા હતા.જ્યારે વાતાવરણમાં અચાનક પલટો આવેતો અમે ચિંતીત પણ થઈ જતા હતા.

-: વિજયસિંહ સોલંકી, ખેડુત મોરવા રેણા ગામ :-

મોરવા રેણા સહીતના આજુબાજુના ગામોમાં આવેલા ખેતરોમાં હાર્વેસ્ટર મશીન દ્વારા ડાંગરની કાપણી થવા સાથે ડાંગર છુટી પણ પડી જતી હોય છે. આ વિસ્તારમાં અમુક ખેડુતોએ પોતાના જ હાર્વેસ્ટર મશીન ખરીદી લીધા છે પણ મહત્વનું એ છે કે, આ મશીનને ચલાવા માટે પંજાબથી ડ્રાઈવર ફરજીયાત બોલાવા પડતા હોય છે. ખાસ કરીને આ વિસ્તારના ખેડુતો સમય અને રૂપિયાનો બચાવ થતો હોવા સાથે ખેતીના કામમાં આધુનિક સાધનો ઉપયોગમાં લેતા હોય છે.

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં ડાંગરની ખેતી મુખ્યપાક ગણવામા આવે છે. આ વખતે મેઘરાજાએ ખેડુતો પર રિસાયા હોય તેમ શરૂઆતમાં ઓછો વરસાદ અને ત્યારબાદ વધુ વરસાદ પવન સાથે પડવાના કારણે ડાંગરના પાકને તે સમયે નુકસાન જવાની ભીતી ખેડુતોમાં સેવાઈ રહી હતી.જ્યારે ડાંગરનો પાક ગત વર્ષ કરતા આ વખતે ખેડુતે કરેલ ખર્ચ કરતા ઓછો થતા ઘણા ખેડુતો નિરાશ થયા હતા. સાથે પોષણક્ષમ ભાવ જોઈએ તેટલા નહીં મળતા હોવાનુ ખેડુતો પાસેથી જાણવા મળ્યું હતું.
વધતી જતી મોઘવારી વચ્ચે ડીઝલના ભાવ પણ આસમાને પહોચતા ખેડુતો પર પણ આની અસર વર્તાઈ છે. વિજયસિંહ સોંલંકી, રાજેન્દ્રસિંહ સોલંકી, રાકેશ પટેલ,પર્વતસિંહ ચૌહાણ સહીતના ખેડુતો ડીઝલનો ભાવ અંકુશમા આવે તેમજ ખેડુતોને ડાંગરના પાકમાં જેતે સમયે નુકશાની થઈ છે. તેનું વળતર વહેલી તકે મળે તેવી આશા હાલ રાખી રહ્યા છે.

### સમગ્ર પંચમહાલ જિલ્લામાં ચકચાર જગાવનાર

## નદીસર ગામની દીકરી એ કરેલ આત્મ હત્યાના કેસમાં આરોપીઓની નિયમિત જામીન અરજી નામંજૂર કરતી કોર્ટ

નદીસર,

બનાવની હકીકત એવી છે કે, નદીસર ગામની દીકરીની સગાઈ ગામમાં જ રહેતા પિનકેશભાઈ સાથે કરવામાં આવી હતી અને લગભગ બે વર્ષ જેટલો સમય સગાઈ રાખ્યા બાદ અચાનક આરોપી પક્ષ દ્વારા સગાઈ ફોક કરી દેવામાં આવેલી અને ગામમાં જ બીજી દીકરી સાથે પિનકેશભાઈ સગાઈ કરી દેવામાં આવી હતી અને સગાઈ જેટલો સમય રહી તે દરમિયાન મરણ જનાર દીકરી આરોપીઓને ઘરે અવર જવર પણ કરતી હતી અને તેથી તેને લાગી આવતાં મરણજનાર દીકરી એ દિવાળીના અરસામાં જ આત્મહત્યા કરી લેતાં તે બાબતનો ગુન્હો કાંકણપુર પોલીસ સ્ટેશનમાં નવ(૯) આરોપીઓ સામે નોંધાતા પોલીસ ઈન્સ્પેકટર એન.એમ.પ્રજાપતિ દ્વારા જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલના સીધા માર્ગદર્શન હેઠળ તપાસ સંભાળી લેતાં તપાસ માં મરણ જનાર સગર્ભા હોવાની હકીકત પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ખુલી હતી. આ દરમિયાન ચાર આરોપીઓ દ્વારા પંચમહાલ જિલ્લાના એડીશનલ શેસન્સ જજ સમક્ષ આગોતરા જામીન ઉપર મુક્ત થવા માટેનીઅરજી દાખલ કરવામાં આવી હતી. જે અરજી પંચમહાલ જિલ્લાના એડીશનલ શેસન્સ જજ બી.કે.બારોટની કોર્ટમાં ચાલી જતાં નામદાર કોર્ટ દ્વારા જિલ્લા સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરની વિગતવારની દલીલો તથા પોલીસ તપાસના કાગળોને ધ્યાનમાં રાખીને આરોપીઓની આગોતરા જામીન અરજી નામંજૂર કરી છે.

હાલ જેમની જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે તે આરોપીઓનાં નામ અલ્કાબેન મહેશભાઈ માછી, મહેશભાઈ રમણભાઈ માછી, રૂચિકાબેન પ્રભાતભાઈ માછી, ચંદ્રેશભાઈ રમણભાઈ પટેલ (માછી).


ગોધરા નગરશ્રી રણછોડજી મંદિર ખાતે અગીયારસ તુલસી વિવાહ નિમિતે ભકિતભાવ સાથે શોભાયાત્રા યોજવામાં આવી.

## પંચમહાલ જીલ્લામાં જાહેરમાં ચાલતી માંસ મટનની લારીઓ બંધ કરવા હિન્દુ વાહિની દ્વારા આવેદન અપાયું

હાલોલ,

પંચમહાલ જીલ્લા હિન્દુ વાહિની દ્વારા જીલ્લામાં ખુલ્લેઆમ જાહેરમાં ધકધકતી માંસ મટનની લારીઓ ઉપર પ્રતિબંધ મુકવા માટે આવેદન આપવામાં આવ્યું.

હિન્દુ વાહિની પંચમહાલ જીલ્લા દ્વારા જીલ્લામાં ખુલ્લેઆમ જાહેરમાં ચાલતી માંસ-મટનની લારીઓ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે તેવી માંગણી કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી. હાલોલ પ્રાંત કચેરી ખાતે જીલ્લા પ્રભારી દિનેશભાઈ પરમાર, જીલ્લા અદયક્ષ ઉમેશ વણઝારા દ્વારા આવેદનમાં જણાવવામાં આવ્યું કે, વડોદરા, રાજકોટ તથા દે.બારીયામાં મટન અને માંસની જાહેરમાં ચાલતી લારીઓ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ત્યારે પંચમહાલ જીલ્લામાં પણ જાહેરમાં ચાલતી માંસ-મટનની લારીઓ બંધ કરવામાં આવે તેવી માંગણી કરી. જો જાહેરમાં ચાલતી માંસ-મટનની લારીઓ બંધ કરવામાં ન આવે તો ઉગ્ર વિરોધ આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.



## ગોધરા તાલુકાના ખજૂરી (સાંપા) ગામે નલ સે જળ કાર્યક્રમનું ખાતમુહૂર્ત

ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના ખુજુરી ગામે રાજ્ય સરકારના આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથાર, એપીએમસી ગોધરાના ચરેમેન રાજેન્દ્રસિંહ ચૌહાણ ની ઉપસ્થિત માં નલ સે જળ યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ.

રાજેન્દ્રસિંહ ચૌહાણે જણાવેલ છે કે, નળ સે જળ યોજના અંતર્ગત ઘરે ઘરે પીવાનું પાણી આપવાની યોજનાની શરૂઆત આપણી ભાજપ સરકાર દ્વાર કરવામાં આવી છે. ટુંક સમયમાં આ યોજના કામ શરૂ થઈને પુર્ણ થશે અને દરેક ઘરે ઘરે લોકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહેશે જેમાં આ કાર્યક્રમમાં સરદારસિંહ બારીઆ પૂર્વ ચેરમેન સરદાર પટેલ જળ સહભાગી યોજના, ગુજરાત સરકાર. તાલુકા, જિલ્લાના હોદ્દેદારો, સભ્યો સરપંચ, વડિલો આગેવાનો તેમજ મોટીસંખ્યામાં ગ્રામ્ય જનો ઉપસ્થિત રહયા.







વિશ્વ ડાયાબીટીસ દિન નિમિત્તે તા૨૫/૧૦/૨૦૨૧ના રોજ ૦૯.૦૦ થી ૧૪.૦૦ વાગ્યા સુધી રા.અ.પો.દળ જુથ-૫ ગોધરા ખાતે લાયન્સ કલબ ગોધરા તથા જીલ્લા આરોગ્ય શાખા (પંચમહાલ) તથા અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ગોધરાના સંયુકત ઉપક્રમે મફત ડાયાબીટીસ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૨૧૦ જેટલા યુનિટના અધિકારી/કર્મચારીઓએ ડાયાબીટીસનું ચેકઅપ કરાવેલ હતું.







